RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
Year-16, Issue-255 ■ DATE : 11-02-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

કપડા સારા હશે તો માણસો લાઈક કરશે પણ વ્યકિતત્વ સારૂ હશે તો માણસ ફોલો પણ કરશે...



ભરૂડી ગામ નજીક આઈસર ટ્રકમાં રૂ.૨૨ લાખના વિદેશી દારૂ સાથે ચાલકની ધરપકડ P-4

# ‘વંદેમાતરમ’ને મળ્યું રાષ્ટ્રગાનનું સન્માન

## હવે દરેક જાહેર સમારોહમાં ગુંજશે વંદેમાતરમના છ છંદઃ ૧૫૦ વર્ષે મળ્યો ન્યાયઃ રાષ્ટ્રપતિ અને રાજયપાલના કાર્યક્રમમાં ફરજીયાતઃ કેન્દ્ર સરકારે જાહેર કરી માર્ગરેખા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વંદે માતરમની રચનાની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રગીત ગાવા અને વગાડવા માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. ગૃહ મંત્રાલય અનુસાર, વંદે માતરમના સત્તાવાર છ શ્લોકોનું ગાન અથવા વગાડવું હવે ખાસ સરકારી કાર્યક્રમોમાં ફરજિયાત રહેશે, જેનો સમયગાળો ૩ મિનિટ અને ૧૦ સેકન્ડનો રહેશે. વધુમાં, નવા પ્રોટોકોલ હેઠળ, ત્રિરંગા લહેરાવતા પહેલા અને પછી, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોના આગમન અને પ્રસ્થાન અને રાષ્ટ્રને સંબોધન પહેલાં અને પછી વંદે માતરમ ગાવામાં આવશે. ગૃહ મંત્રાલયના નિર્દેશોમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે વંદે માતરમ વગાડવામાં આવે ત્યારે દરેક વ્યક્તિએ ઉભા રહેવું આવશ્યક છે. જો કે, આ જરૂરિયાત સિનેમા હોલ જેવા સ્થળો પર લાગુ પડશે નહીં. સરકારે એમ પણ કહ્યું છે કે દેશભરની શાળાઓએ દિવસની શરૂઆત રાષ્ટ્રગીતના સામૂહિક ગાનથી કરવી જોઈએ.

કેન્દ્ર સરકારે બુધવારે સવારે વંદે માતરમ અંગે નવી માર્ગદર્શિકા જારી કરી. નવા નિર્દેશ હેઠળ સરકારી કાર્યક્રમો, શાળાઓ અને અન્ય મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં વંદે માતરમ વગાડવું હવે ફરજિયાત રહેશે. દરેક વ્યક્તિએ ઉભા થઈને સન્માન આપવું પડશે, જેમ તેઓ રાષ્ટ્રગીત જન ગણ મન દરમિયાન કરે છે. જોકે, સિનેમા હોલમાં ફિલ્મો દરમિયાન આ નિયમ લાગુ પડશે નહીં.

સૌથી અગત્યનું, ગીતના સંપૂર્ણ છ શ્લોકો વગાડવામાં આવશે, જેમાંથી ચાર શ્લોકો કોંગ્રેસ દ્વારા ૧૯૩૭ માં દૂર કરવામાં આવ્યા હતા. આ નિર્ણય સ્વતંત્રતા સંગ્રામના આ ગીતને તેની મૂળ શક્તિમાં પુનઃસ્થાકેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા આ નવા નિયમો હેઠળ, રાષ્ટ્રગીત પછી તરત જ 'વંદે માતરમ' વગાડવામાં આવશે, એટલે કે, પહેલા 'જન ગણ મન' પછી. આ તમામ સરકારી કાર્યક્રમો અને શાળાઓને લાગુ પડશે.

વંદે માતરમ હવે પદ્મ પુરસ્કારો જેવા નાગરિક સન્માન સમારોહમાં પણ વગાડવામાં આવશે. આ ગીત કોઈપણ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિના આગમન અને પ્રસ્થાન દરમિયાન ફરજિયાત રહેશે. આ નિયમ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલોના આગમન અને પ્રસ્થાન દરમિયાન અને તેમના ભાષણો પહેલાં અને પછી પણ લાગુ પડશે. ત્રિરંગા લહેરાવતી વખતે પણ તેનું પાલન કરવામાં આવશે. ગૃહ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે જ્યારે આ ગીત વગાડવામાં આવશે અથવા ગવાશે, ત્યારે હાજર દરેક વ્યક્તિ ધ્યાનથી ઉભા રહેશે.

બંકિમચંદ્ર ચેટર્જીએ ૧૮૭૫માં 'વંદે માતરમ' લખ્યું હતું, જે ૧૮૮૨માં તેમની નવલકથા 'આનંદમઠ'માં પ્રકાશિત થયું હતું. તેમાં કુલ છ શ્લોક છે. શરૂઆતના શ્લોકમાં ભારતને માતા તરીકે દર્શાવવામાં આવ્યું છે. પછીના શ્લોકોમાં દુર્ગા, કમલા (લક્ષ્મી) અને સરસ્વતી જેવા હિન્દુ દેવીઓનો ઉલ્લેખ છે. ૧૯૩૭માં ફૈઝપુર અધિવેશનમાં, કોંગ્રેસે ફક્ત પહેલા બે શ્લોકોને અપનાવ્યા કારણ કે કેટલાક મુસ્લિમ સભ્યોને દેવીઓના ઉલ્લેખ સામે વાંધો હતો. હવે સરકારે નિર્ણય લીધો છે કે ફક્ત છ શ્લોક વગાડવામાં આવશે, જે આશરે ૩ મિનિટ ૧૦ સેકન્ડ લાંબો હશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વંદે માતરમ અંગે એક નવો પ્રોટોકોલ જારી કર્યો છે. આ અંતર્ગત છ શ્લોકોથી બનેલું રાષ્ટ્રીય ગીત વંદે માતરમ નું સંપૂર્ણ ૩-મિનિટ ૧૦-સેકન્ડનું સંસ્કરણ જે હવે વિવિધ સત્તાવાર પ્રસંગોએ વગાડવા અથવા ગાવા માટે ફરજિયાત રહેશે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, મંત્રાલય તરફથી ૨૮ જાન્યુઆરીએ જારી કરાયેલ આ ૧૦ પાનાનો આદેશ તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, મંત્રાલયો અને બંધારણીય સંસ્થાઓને મોકલવામાં આવ્યો છે.

આદેશ અનુસાર, વંદે માતરમ ત્રિરંગા લહેરાવતી વખતે, રાષ્ટ્રપતિના આગમન અને પ્રસ્થાન સમયે, રાષ્ટ્રને સંબોધન કરતા પહેલા અને પછી તરત જ, અને રાજ્યપાલ અથવા લેફ્ટનન્ટ ગવર્નરના આગમન અને પ્રસ્થાન અને ભાષણો પહેલાં અને પછી વગાડવામાં આવશે અથવા ગવાશે. જો કોઈ કાર્યક્રમમાં વંદે માતરમ અને રાષ્ટ્રગીત જન ગણ મન બંને રજૂ કરવામાં આવે છે, તો પહેલા વંદે માતરમ વગાડવામાં આવશે, ત્યારબાદ જન ગણ મન. આ સમય દરમિયાન, ઉપસ્થિતોએ ધ્યાન કેન્દ્રિત ઊભા રહેવું પડશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૩૪/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૦૩/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૮,૫૬૦ | ₹૨,૯૦,૦૦૦ |
| | -૨૭૦ | ૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૫૨ | ₹૧૨૩.૬૯ |

# બજેટમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિકસ માટે ૬૦૦૦ કરોડની ફાળવણી થશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

દેશમાં ઔદ્યોગિક અને આર્થિક તેમજ સામાજિક રીતે ઝડપથી વિકસિત થઇ રહેલું ગુજરાત હવે આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમતનું હબ બનવા માટે સજ્જ થઇ રહ્યું છે. કોમનવેલ્થ ગેઇમ્સ અને ઓલિમ્પિક્સ જેવી વૈશ્વિક સ્તરની રમતગમત માટે ગુજરાતના અમદાવાદ અને સુરત જેવા મહાનગરો દાવેદાર બની રહ્યા છે ત્યારે આગામી વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં આવી ગેઇમ્સ માટે અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ટર તથા સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ, મેદાનો બનાવવા રૂ.૬૦૦૦ કરોડથી વધુ જેવી જંગી ફાળવણી કરવામાં આવી શકે છે. આગામી સોમવારથી ગુજરાત વિધાનસભાનું શિયાળુ સત્ર શરૂ થઇ રહ્યું છે. નાણામંત્રી કનુભાઇ દેસાઇ બુધવારે બજેટ રજૂ કરનાર છે. આ બજેટમાં સામાજિક સેવા, આરોગ્ય, શિક્ષણ, કૃષિ તેમજ યુવા, મહિલા, એસસી, એસટી અને ઓબીસી સમુહને કેન્દ્રમાં વિવિધ પ્રકારની જોગવાઇઓ કરવામાં આવનાર છે એની સાથો સાથ રમતગમત ક્ષેત્રે વિશેષ ફોકસ કરવામાં આવી શકે છે.

નાણાવિભાગ સાથે સંકળાયેલા સૂત્રોના કહેવા પ્રમાણે, આગામી ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેઇમ્સ માટે ભારતમાં અમદાવાદને યજમાની કરવાની કોમનવેલ્થ ગેઇમ્સ કમિટીએ મંજૂરી આપી છે અને ૨૦૩૬ના ઓલિમ્પિક્સ માટે તડામર તૈયારીઓ થઇ રહી છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકાએ તેના અંદાજપત્રમાં કરોડો રૂપિયા અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ, રમતગમતના મેદાનો વિકસાવવા માટે ફાળવણી કરી છે. એની સાથોસાથ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકાર પણ આ રમતો માટે ખાસ ફંડ ફાળવવા સજ્જ છે. એક અંદાજ પ્રમાણે, અઢી હજારથી ત્રણ હજાર કરોડ રમતગમતની માળખાકીય સુવિધા તેમજ કોમનવેલ્થ ગેઇમ્સ માટેના ખાસ રહેણાંક સહિતની સુવિધાવાળા નગરોના નિર્માણ માટે ફાળવી શકે છે. કેન્દ્ર સરકારે પણ તેના આગામી અંદાજપત્રમાં ખેલો ઇન્ડિયા મિશન'ની જાહેરાત કરી છે તેમાં રમતગમતના સામાન માટે ઉત્પાદન, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા ખાસ પહેલનો પ્રસ્તાવ કરાયો છે. ફાઉન્ડેશનલ, ઇન્ટરમીડિયેટ અને એલિટ સ્તરે તાલીમ કેન્દ્રો દ્વારા સમર્થિત એક સંકલિત પ્રતિભા વિકાસ માર્ગ, કોચ અને સહાયક સ્ટાફનો વ્યવસ્થિત વિકાસ, રમતગમત વિજ્ઞાન અને ટેકનોલોજીનું એકીકરણ, રમતગમત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સ્પર્ધાઓ અને લીગ અને તાલીમ અને સ્પર્ધા માટે રમતગમતના માળખાનો વિકાસ કરવામાં આવશે. આ તમામ માટે કેન્દ્ર સરકાર પાસેથી રૂ.૩૦૦૦ કરોડનું ફંડ મળી શકે છે આમ, લગભગ ૬૦૦૦ કરોડની રકમ સ્પોટ્ર્સ માટે પ્રાપ્ત થઇ શકે છે.

આ સૂત્રોના કહેવા પ્રમાણે, કેન્દ્ર સરકારે સાધનો અને સામગ્રીનું ઉત્પાદન કરવા, ફુલ સ્ટેક ઈન્ડિયન આઈપી ડિઝાઇન કરવા અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા માટે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦ શરૂ કરવાની જાહેરાત કરી છે જેનો મહત્તમ લાભ ગુજરાતને મળી શકે છે.

# ભારત-અમેરિકા ટ્રેડ ડિલમાં હવે દાળ-કઠોળ નહિ

**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

અમેરિકાએ ભારત સાથેના તેના વેપાર કરારની ફેક્ટશીટમાં થોડો સુધારો કર્યો છે. આ ફેરફારોથી ભારતને ફાયદો થવાની શક્યતા છે. વ્હાઇટ હાઉસે ટ્રેડ સોદાની ફેક્ટશીટમાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. અગાઉની કેટલીક ફેક્ટશીટ દૂર કરવામાં આવી છે અને કેટલાક શબ્દો બદલવામાં આવ્યા છે. આ સોદો ગયા અઠવાડિયે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની વાતચીત બાદ જાહેર કરવામાં આવ્યો હતો, અને ફેબ્રુઆરી ૨૦૨૫ થી ચાલી રહેલી વ્યાપક વેપાર વાટાઘાટોનો ભાગ છે.

ભારત-યુએસ વેપાર સોદામાં એક નવું અપડેટ કરવામાં આવ્યું છે. અમેરિકાએ ભારત સાથેના તેના વેપાર સોદાની ફેક્ટશીટમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. આ ફેરફારથી ભારતને નોંધપાત્ર ફાયદો થશે. વ્હાઇટ હાઉસે ફેક્ટશીટમાં કરેલા ફેરફારો અનુસાર, હવે દાળને વેપાર સોદાની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. ગયા અઠવાડિયે, ભારત અને અમેરિકાએ વચગાળાના વેપાર કરારની જાહેરાત કરી હતી. તે સમયે, વ્હાઇટ હાઉસે એક ફેક્ટશીટ બહાર પાડી હતી. તેમાં કેટલાક મુદ્દાઓ હતા જે ભારત માટે કેટલીક સમસ્યાઓ ઊભી કરી શકે છે, જેના પર પ્રશ્નો ઉભા થાય છે. પરંતુ હવે અમેરિકાએ તે ફેક્ટશીટ અપડેટ કરી છે.

વેપાર સોદાની ફેક્ટશીટમાંથી ઘણી વસ્તુઓ દૂર કરવામાં આવી છે અથવા શબ્દો બદલવામાં આવ્યા છે. સૌથી મહત્વપૂર્ણ કઠોળ છે.

# ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘરની બહાર ગોળીબારની ઘટના બાદ અભિનેતા રણવીરસિંહને વોટ્સએપ પર મળી ધમકી

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘરની બહાર તાજેતરમાં થયેલી ગોળીબારની ઘટના બાદ, બોલિવૂડ અભિનેતા રણવીર સિંહને વોટ્સએપ વોઇસ નોટ દ્વારા ધમકીભર્યો સંદેશ મળ્યો હોવાના અહેવાલ છે, જેમાં કરોડો રૂપિયાની માંગણી કરવામાં આવી છે.

અને ત્યારબાદ સલમાન ખાનને પણ ધમકી મળી છે. આ ખંડણીની ધમકી ઈમેલ મારફત મળી છે. અને તે બિશનોઇ ગેંગ દ્વારા અપાઈ હોવાની વાત સામે આવી છે.

ધમકી મળ્યા પછી, રણવીર સિંહે તાત્કાલિક મુંબઈ પોલીસને જાણ કરી.

તેના જવાબમાં, તેમના વરલી નિવાસસ્થાનની બહાર સુરક્ષા કડક કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે અભિનેતાના ઘરની



બહાર છ સશસ્ત્ર સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

જોકે, બ્યુ મોન્ડે હાઉસિંગ સોસાયટી, જ્યાં રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ ફ્લેટ નંબર ૨૬૦૨ માં રહે છે, તેણે વધેલી સુરક્ષા અંગે વાંધો ઉઠાવ્યો છે. સોસાયટીએ દાદર પોલીસ સ્ટેશનને એક ઔપચારિક પત્ર સુપરત કર્યો છે.

જેમાં જણાવાયું છે કે, સોસાયટી મેનેજિંગ કમિટીની પૂર્વ પરવાનગી કે મંજૂરી વિના સશસ્ત્ર ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા હતા. પત્ર મુજબ, નિવાસસ્થાને છ સશસ્ત્ર ખાનગી સુરક્ષા ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે, અને એક ગણવેશધારી પોલીસ કર્મચારી પણ તૈનાત છે, જે અગાઉ ત્યાં નહોતો.

સોસાયટીએ ચિંતા વ્યક્ત કરી હતી કે ગાર્ડ્સ વારંવાર લોબી, જિમ્નેશિયમ અને બાળકોના રમતના વિસ્તાર જેવા સામાન્ય વિસ્તારોમાં હથિયારો સાથે ફરતા હોય છે, જેના કારણે અગવડતા થાય છે અને અન્ય રહેવાસીઓમાં સલામતીની ચિંતાઓ ઉભી થાય છે.

# નેપાળમાં પેસેન્જર બસ નદીમાં ખાબકતા ૧૨ લોકોના મોત

**મુખ્ય સમાચાર, કાઠમંડુ**

ભારતના પાડોશી દેશ નેપાળમાં એક ગમખ્વાર અકસ્માત થયો હતો. મધ્ય નેપાળમાં પેસેન્જર બસ નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૧૨ લોકોના મોત થયા હતા. જયારે અન્ય આઠ લોકો ઘાયલ થયા છે. ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે પોલીસે બસ ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો છે. પોલીસ ટીમ હાલમાં બચાવ કામગીરીમાં રોકાયેલી છે. હાલમાં, ૧૨ મૃતકોમાંથી ૧૦ લોકોની ઓળખ થઈ ગઈ છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. આ બસ કાઠમંડુથી ઓખલધુંગા જઈ રહી હતી ત્યારે બાગમતી પ્રાંતના રામેછાપમાં અકસ્માત થયો અને



તામાકોશી નદીમાં પડી હતી. તામાકોશી નેપાળની રાજધાની કાઠમંડુથી ૧૫૦ કિલોમીટર પૂર્વમાં સ્થિત છે. આ અકસ્માત અને રામેછાપ પોલીસ ઇન્સ્પેક્ટર રાજન પ્રસાદ તિમિલસિનાએ જણાવ્યું હતું કે બસ અકસ્માતમાં ડ્રાઈવર સહિત આઠ લોકો ઘાયલ થયા છે. ઘાયલોની સારવાર જીવન હોસ્પિટલ અને ખુરકોટની મોન્થલી હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે. સ્થાનિક રહેવાસીઓ સુરક્ષા કર્મચારીઓ અને બચાવ ટીમોએ ઘાયલોને અકસ્માત સ્થળેથી વિવિધ હોસ્પિટલોમાં પહોંચાડ્યા હતા. જયારે ગુમ થયેલા મુસાફરોને શોધવા માટે શોધખોળ ચાલુ છે. વહીવટીતંત્રે ઘટનાની તપાસ શરૂ કરી છે.

## મહાશિવરાત્રીના મેળાના પ્રારંભે રાજકોટ બસપોર્ટમાં મુસાફરોનો વધ્યો ધસારો

જૂનાગઢમાં આજે ૧૧મી ફેબ્રુઆરી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાજકોટ એસટી બસપોર્ટ ઉપર મુસાફરોનો ધસારો જોવા મળી રહ્યો છે. રાજકોટ એસટી ડેપો દ્વારા ૧૦ તો વિભાગ દ્વારા ૩૦ એક્સ્ટ્રા બસો મૂકવામાં આવી છે. રાજકોટ વિભાગ દ્વારા ૧૮૦ જેટલી ટ્રીપ દોડાવવામાં આવશે. જેમા મુસાફરો પાસેથી સવા ગણું ભાડું વસૂલવામાં આવશે. જોકે તે ખાનગી બસના ભાડા કરતા ઓછું હશે અને સલામત સવારી હશે. રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગરમાં દૈનિક ૪૪૫ ટ્રિપ દોડે છે. જેમાં દરરોજ ૪૦૦૦૦ થી વધુ મુસાફરો અવરજવર કરે છે. જે સંખ્યા ૫૫૦૦૦ ને પાર પહોંચી જશે. રાજકોટ એસટીના ડેપો મેનેજર ઘનશ્યામ ચગે જણાવ્યું હતું કે, જૂનાગઢમાં મહાશિવરાત્રી મેળાનો આજે ૧૧મી ફેબ્રુઆરીથી પ્રારંભ થયો છે ત્યારે રાજકોટ એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો નું સંચાલન કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ બસપોર્ટ પરથી ૫૦ થી ૬૦ દોડશે. આ ઉપરાંત જૂનાગઢથી રિટર્ન આવતા ભાવિકો માટે રાજકોટથી જામનગર, અમદાવાદ અને વડોદરા જવા માટે પણ વધારાની બસો મૂકવામાં આવનાર છે.

# ‘આપ’ના કિશાન મોરચાના પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાનું રાજીનામું

### પાલિકા - પંચાયત ચૂંટણી પૂર્વે જ રાજકીય ખળભળાટ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

ગુજરાતના રાજકારણમાં નવા બીજા વિકલ્પ તરીકે ઉભરવાનો દાવો કરનાર આમ આદમી પાર્ટી (આપ)માં આગામી પાલિકા-પંચાયતોની ચૂંટણી પૂર્વે જ મોટું ભંગાણ સર્જાયું છે. પાર્ટીના સીનીયર પ્રદેશ નેતા રાજુ કરપડાએ એકાએક રાજીનામુ આપી દેતા રાજકીય ખળભળાટ સર્જાયો છે.

ગુજરાતમાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. સુરેન્દ્રનગરના



મૂળી તાલુકાના જાણીતા નેતા રાજુ કરપડાએ રાજીનામું આપી દીધું છે. એવું કહેવાય છે કે કડદા પ્રથાને લઈને હડદડમાં આંદોલન કરવા મામલે તેઓ ચર્ચામાં આવ્યા હતા. તેમાં બોટાદમાં પથ્થરમારા જેવી ઘટનાઓ પણ બની હતી.

જોકે તેમણે રાજીનામું સોશિયલ મીડિયા પર જાહેર કરી દીધું છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, તેઓ જેલમાંથી મુક્ત થયાના માત્ર એક જ અઠવાડિયામાં આ નિર્ણય લીધો છે.'

રાજુ કરપડાએ તેમના રાજીનામામાં કહ્યું કે જય કિસાન સાથીઓ... દોસ્તો આજે આમ આદમી પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપી રહ્યો છું..! મારો નિર્ણય જરૂર તમને ચોકાવશે.! પાર્ટીને મજબૂત બનાવવા માટે મેં પરિવારથી વિશેષ મહત્વ અને સમય આપ્યો છે પરંતુ કુદરતે અહીંયા સુધીનો જ સાથ લખેલો છે.

મારા દ્વારા ક્યારેય કોઈ ની લાગણી ને ઠેશ પહોંચી હોય તો ક્ષમા ચાહું છું. આમ આદમી પાર્ટી ના રાષ્ટ્રીય નેતૃત્વ તેમજ પ્રદેશ નેતૃત્વ સાથે જ મારા તમામ સાથીઓ અને ખેડૂતો નો મને પ્રેમ આપવા બદલ હૃદય થી આભાર માનું છું...!

તેમણે પક્ષના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતૃત્વ સહિત સાથી ખેડૂતોનો આભાર માની ક્ષમા પણ માંગી છે. એક સક્રિય ખેડૂત નેતા તરીકે ઓળખાતા રાજુ કરપડાના આ અચાનક રાજીનામાથી આમ આદમી પાર્ટી માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.

# ‘PoK’ અને ’અક્સાઈ ચીન’ ભારતનો હિસ્સો ગણાવી અમેરિકાએ મારી ગુલાંટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ઐતિહાસિક ટ્રેડ ડીલ બાદ એક નવો વિવાદ સામે આવ્યો છે. અમેરિકન વ્યાપાર પ્રતિનિધિની કચેરીએ સોશિયલ મીડિયા પર ભારતનો એક એવો નકશો શેર કર્યો હતો જેમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને ચીનના કબજા હેઠળના અક્સાઈ ચીનને ભારતનો હિસ્સો બતાવવામાં આવ્યો હતો. જોકે, ટૂંક સમયમાં જ અમેરિકાએ આ પોસ્ટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પરથી હટાવી લેતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. ગયા અઠવાડિયે USTR એ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના વચગાળાના ફ્રેમવર્ક સાથે જોડાયેલી એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં અમેરિકન ઉત્પાદનો(જેમ કે ડ્રાય ફ્રૂટ્સ, ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ફળો વગેરે) માટે ભારતમાં નવા બજાર ખુલવાની વાત હતી.




અમેરિકાએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'ટ્રી નટ્સ અને ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેનથી લઈને લાલ જુવાર અને તાજા તથા પ્રોસેસ્ડ ફળો સુધી, અમેરિકા-ભારત સમજૂતી અમેરિકન ઉત્પાદનો માટે નવા માર્કેટ એક્સેસ આપશે.'

પરંતુ આ પોસ્ટ સાથે જોડાયેલા નકશાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં PoKને ભારતનો ભાગ બતાવવામાં આવ્યો હતો તેમજ અક્સાઈ ચીન પણ ભારતનું અભિન્ન અંગ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. વૈશ્વિક સ્તરે આ એક મોટી ઘટના ગણાય કારણ કે સામાન્ય રીતે પશ્ચિમી દેશો વિવાદિત વિસ્તારોને અલગ રીતે દર્શાવતા હોય છે. પરંતુ હવે આ પોસ્ટ હટાવી લેવાતા અમેરિકાના 'સ્ટેન્ડ' પર સવાલો ઉઠી રહ્યા છે. ભારત વર્ષોથી આંતરરાષ્ટ્રીય મંચો પર સ્પષ્ટ કરતું આવ્યું છે કે સંપૂર્ણ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ(અક્સાઈ ચીન સહિત) ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે અને હંમેશા રહેશે. અગાઉ જ્યારે ચીને તેના 'સ્ટાન્ડર્ડ મેપ'માં અરુણાચલ પ્રદેશ અને અક્સાઈ ચીન પર દાવો કર્યો હતો, ત્યારે પણ ભારતે સખત વિરોધ નોંધાવ્યો હતો. અમેરિકા દ્વારા પહેલા નકશો મૂકવો અને પછી હટાવવો એ રાજદ્વારી દબાણ હોઈ શકે તેમ નિષ્ણાતો માની રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં વરિયા પ્રજાપતિ જ્ઞાતિના ૩૯માં સમૂહલગ્ન સંપન્ન, ૨૪ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વરિયા પ્રજાપતિ સમૂહલગ્ન સમિતિ દ્વારા આજ રોજ ૧૦ ફેબ્રુઆરીએ ૩૯માં સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવ મોરબીના રિવેરા સિરામિક ખાતે યોજાયા હતા, જ્યાં ૨૪ જેટલા નવદંપતીઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાઈને પોતાના નવા જીવનની શરૂઆત કરી હતી.

આ સમૂહ લગ્ન પ્રસંગે અનેક રાજકીય અને વહીવટી અગ્રણીઓએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા, જેમાં મુખ્યત્વે કે.બી. ઝવેરી (મોરબી કલેક્ટર), નવલદાન ગઢવી (ડીડીઓ - જિલ્લા વિકાસ અધિકારી), જે.એમ. આલ (ડીવાયએસપી), વી.બી. દલવાડી (ડીવાયએસપી), ડે. ડીડીઓ એસ.સી. ભટ્ટ, મહામંડલેશ્વર રતનેશ્વરીદેવી, મહંત જયરાજનાથ, હડમતીયા મહંત મેહુલદાસબાપુ, રોહિત પ્રજાપતિ (આરટીઓ અધિકારી), મોહનભાઈ કુંડારિયા (ગુજરાત પ્રદેશ ભાજપ સહ-કોષાધ્યક્ષ), અરવિંદભાઈ વાંસદડિયા, જયંતીભાઈ રાજકોટિયા (જિલ્લા ભાજપ પ્રમુખ), પુષ્પરાજસિંહ જાડેજા (શહેર કોંગ્રેસ પ્રમુખ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની અધ્યક્ષતા નાથાભાઈ સવાડિયા દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ મહેમાનોએ નવદંપતીઓને સુખી દાંપત્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા અને સમૂહલગ્નના આ સામાજિક અભિગમને બિરદાવ્યો હતો.

વરિયા પ્રજાપતિ જ્ઞાતિના ૩૯માં સમૂહલગ્ન અંગે વિગતો આપતા આયોજકોએ જણાવ્યું હતું કે, દરેક દીકરીને કરિયાવર પેટે ઘરવખરીની ૧૩૦થી વધુ ચીજવસ્તુઓ આપવામાં આવી છે. ભેટમાં ચાંદીના ઝૂડા અને સોનાના દાણા જેવી કિંમતી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે.

મોરબી વરિયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ દ્વારા આયોજિત સમૂહ લગ્નમાં અનોખી પહેલ કરવામાં આવી હતી. આ પ્રસંગે છેલ્લા બે વર્ષની જેમ આ વર્ષે પણ પુસ્તક પ્રદર્શન યોજાયું હતું. મંડળની લાઈબ્રેરીમાં ૨,૫૦૦ થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે. લાઈબ્રેરીમાં ધાર્મિક, આધ્યાત્મિક, વાર્તાઓ, બાળવાર્તાઓ તેમજ અને જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પુસ્તકોનો સંગ્રહ છે. સમૂહ લગ્નમાં આવેલા ૧૦૦થી વધુ લોકો પોતાની પસંદગીના પુસ્તકો વાંચવા માટે ઘરે લઈ ગયા હતા.

આ સમૂહલગ્નમાં મોરબી ઉપરાંત થાન, વાંકાનેર અને રાજકોટ જેવા શહેરોમાંથી પણ દીકરીઓ જોડાઈ હતી.

સમૂહલગ્ન પાછળનો મુખ્ય હેતુ સમાજમાં થતા ખોટા ખર્ચાઓ અટકાવવાનો અને મધ્યમ વર્ગને આર્થિક ટેકો આપવાનો છે. આ આયોજનને સફળ બનાવવા પ્રમુખ ગોકલભાઈ ભોરણીયા, ઉપપ્રમુખ પ્રવિણભાઈ એમ. વારનેશિયા, ઈશ્વરભાઈ નારણીયા, વરિયા પ્રજાપતિ વિદ્યોતેજક મંડળના કાર્યકારી પ્રમુખ ભાવેશ વામજા સહિતના ૧૦૦ વધુ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ઉના સનખડા ગામે રહેણાંક મકાન માંથી વિદેશી દારૂ પકડી પાડતી ગીર સોમનાથ પોલીસ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા નાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર સાહેબ ઇન્ચાર્જ ઉના વિભાગ ઉનાનાઓની રાહબ-રી હેઠળ ઉના વિભાગ ઉના દ્વારા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી.ચૌહાણ તથા સર્વલન્સ એ.એસ.આઈ.જોરૂભા નારણભા પો.હેડ.કોન્સ.ભાવસિંહ ગોવિંદભાઈપો.હેડ.કોન્સ. હરપાલસિંહ મહાવિરસિં પો.કોન્સ.સુનીલભાઇ કેશવભાઇ તથા અનીલભાઇ ભુપતભાઇ તથા પો.કોન્સ.રવિસિંહ પ્રદીપસિંહ નાઓ ઉના પો.સ્ટે. ખાતે હાજર હતા તે દરમ્ય એ.એસ.આઇ જોરૂભા નારણભા મકવાણા તથા પો.હેડ.કોન્સ ભાવસિંહ ગોવિંદભાઇ પરમાર તથા પો.કોન્સ.સુનીલભાઈ કેશવભાઇ બાંભણીયા ને ચોક્કસ બાતમી રાહે હકીકત મળેલ કે, સનખડા ગામે સુખદેવસિંહ દોલુભા રાઠોડ રહે સનખડા વાળાએ પોતાના રહેણાંક મકાને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સંતાડેલ છે તેવી હકિકત મળતા સનખડા ગામે સરકારી દવાખાના પાસે આવતા જે રહેણાક મકાને એક ઇસમ હાજર હોય જેનુ નામ ઠામ પુછ્તા પોતે પોતાનુ નામ સુખદેવસિંહ ઉર્ફ સુખો દોલુભા રાઠોડ રહે.સનખડા તા.ઉના વાળો હોવાનુ જણાવતા હોય જેથી મજકુરના કબ્જામાં રાખેલ બેગમા તથા થેલામાં જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો જોતા અલગ અલગ કંપનીની બોટલ નંગ-૧૭૭ રૂ.૫૬,૧૭૫/-તથા આરોપી નંબર ૧ પાસેથી મોબાઇલ નંગ ૧ જેની કિ.રૂ.૭૦૦/- મળી કુલ રૂપીયા ૫૬,૮૭૫/- નો પ્રોહી મુદામાલ સાથે મળી આવી પકડાઇ જઈ ગુન્હો કરેલ હોય તે અંગે ઉના પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન ધારા મુજબનો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં

આરોપીઓ- સુખદેવસિહ ઉર્ફે સુખો દોલુભા રાઠોડ ઉવ.૪૩ ધંધો-મજુરી રહે. સનખડા ઠે.ખારા કુવા વિસ્તાર પકડી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી કરી છે

# જામનગર તાલુકા હેલ્થ કચેરી ખાતે કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

મહિલાઓને કાર્યસ્થળ પર સુરક્ષિત અને સન્માનજનક વાતાવરણ મળી રહે તે હેતુથી જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. પૂજાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ એક વિશેષ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા હેલ્થ કચેરી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી નિવારણ અધિનિયમ-૨૦૧૩ POSH Act અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી.આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત સચિવ.એડી. સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ. એ. એમ. શુક્લા, તાલુકા હેલ્થ ઓફિસર, જિલ્લા મહિલા કલ્યાણ અધિકારી તથા દહેજ પ્રતિબંધક અધિકારી સહિતનાએ ઉપસ્થિત મહિલાઓ કર્મીઓને કાર્યક્રમને અનુરૂપ વિસ્તૃત જાણકારી પુરી પાડી હતી.અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા જજ એ. એમ. શુક્લાએ મહિલા સુરક્ષા અંગેના કાયદાની વિવિધ જોગવાઈઓ, કાયદાકીય પ્રક્રિયા અને મહિલાઓના અધિકારો વિશે ગહન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કાર્યક્રમના પ્રારંભમાં તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દહેજ પ્રતિબંધક અધિકારી સોનલબેન વર્ણાગર દ્વારા મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તેમજ POSH અધિનિયમ હેઠળની આંતરિક સમિતિની રચના અને કાર્યપદ્ધતિ અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ શિબિરમાં આરોગ્ય શાખાના DIECO નિરજભાઈ મોદી, DHEW અને OSG સેન્ટરનો સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમના અંતે સહભાગી થયેલા આરોગ્ય કર્મચારીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ શિબિર થકી કાર્યસ્થળે સુરક્ષિત, સન્માનિત અને ભયમુક્ત વાતાવરણ નિર્માણ કરવા માટેની દિશામાં પ્રભાવી જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

# મોરબી તથા લાલપરમાં વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા બે જુગારી ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડીવીઝન તથા તાલુકા પોલીસ દ્વારા અલગ અલગ સ્થળે કાર્યવાહી કરી વર્લી ફિચર્સના આંકડાના જુગાર રમતા કુલ બે જુગારીને ઝડપી લઈને જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડીવીઝન પોલીસ ટીમ દ્વારા ભડીયાદ રોડ, નજરબાગ રેલ્વે સ્ટેશન પાસે જાહેર રોડ ઉપર વર્લી ફિચર્સના આંકડાનો નશીબ આધારિત જુગાર રમતા રોહિતભાઈ મહેશભાઈ વારેવણીયા ઉવ.૨૦ રહે.મોરબી-૨ સો ઓરડી મેઈન રોડ વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી પાસેથી રોકડા રૂ. ૧૦૦૦ તેમજ વર્લી ફિચરના આંકડા લખેલી ડાયરી તથા બોલપેન મળી કુલ રૂ.૧૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તે ઉપરાંત મોરબી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા લાલપર ગામની સીમમાં તાજનળીયાના કારખાનાની બાજુમાં જાહેર સ્થળે વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા સત્યેન્દ્રકુમાર શ્યામલાલ યાદવ ઉવ.૩૦ રહે. લાલપર બાપા સીતારામની મઢુંલી વાળાને ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપી પાસેથી રૂ.૨૨૦નો મુદ્દામાલ મળી આવતા આરોપી સામે જુગારધારા કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# ઉનાના મોટા ડેસર ગામે કોળી સમાજ સેવા સમિતિ દ્વારા પ્રથમ સમૂહ લગ્નનું આયોજન

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના મોટા ડેસર ગામે કોળી સમાજ સેવા સમિતિ દ્વારા પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં નવદંપતી ઓએ પ્રભુતા ના પગલા પડ્યા જેમાં કોળી સમાજ સેવા સમિતિ - મોટા ડેસર ગામે પ્રથમ સમૂહ લગ્ન મહોત્સવ મા ગીર સોમનાથ / જૂનાગઢ જીલ્લા કોળીસેના પ્રમુખ દીપાબેન બાંભણીયા અને ગીર સોમનાથ જીલ્લા મહામંત્રી બાબુભાઈ સોલંકી ઉપસ્થિત રહી પ્રભુતા મા પગલા પાડી રહેલ તમામ નવ દંપતીઓને આશીર્વાદ આપ્યા હતા અને આવા સુંદર આયોજન માટે સરપંચ ભરતભાઈ શિંગડ અને તેમની સમગ્ર ટીમ ને અભિનંદન



આપ્યા હતા. અને સુંદર વક્તવ્ય દીપાબેન એ આપ્યો હતો નારી શક્તિનો ઉચ્ચ ઉદાહરણ પૂરું પાડ્યું હતું

# ગીર ગઢડાના જરગલી ગામે ખેતરમાં ગાંજાનું ગેરકાયદેસર વાવેતર ઝડપાયું

## દસ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી ગીર સોમનાથ પોલીસ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના તાબા હેઠળ જરગલી ગામની સીમ માથી ગાજાનુ વાવેતર પકડી મોટી કાર્યવાહી કરી એ ઓ જી ના ઈન્ચાર્જ પી આઈ કે એમ કાગડા અને તેમની ટીમને ચોક્કસ બાતમીના આધારે જરગલી ગામની સીમમાં લાલજી ભાઈ કાળુભાઈ પરમાર ના ખેતરમા દરોડો પાડયો હતો આ દરોડા દરમિયાન ખેતરમાથી મોટા પ્રમાણમાં ગાંજાનો વાવેતર તેમજ સુકેલો ગાજો મળી આવેલ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તમામ મુદ્દા માલ જપ્તે કરેલ છે આ ગાજાનો સ્થાનિક તેમજ બહારના વિસ્તારોમાં સપ્લાય કરવાનો ઈરાદો હતો સડવાયેલા સખ્સો ની પુછપરછ સરૂ કરવામાં આવેલ છે વધુ સડવાયેલ સખ્સો નામ ખુલે એવી સકયતા છે આરોપી ઓસામૈ એનડી પી એસ એકટ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે ગીર સોમનાથ જિલ્લાની એસ ઓ જી પોલીસે જિલ્લા માથી ચોથી મોટી રેડ કરેલ છે

# મોરબીમાં મિલકતવેરા શાખાની કડક કાર્યવાહી, વેરો ન ભરનાર ૩૭ આસામીની મિલકત સીલ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની મિલકતવેરા શાખાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી ટેક્સ વસુલાત માટે કાર્યવાહી હાથ ધરી વેરો ભરપાઈ ન કરનાર ૩૭ આસામીની મિલકત સીલ કરી હતી. આ દરમિયાન શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી રૂપિયા ૪.૬૦ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

મોરબી મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ મિલકત આસામીઓ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના મિલકતવેરા સહિત વિવિધ પ્રકારના ટેક્સની બાકી ભરપાઈ ન કરવામાં આવતાં મહાનગરપાલિકાની મિલકતવેરા શાખા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મિલકતવેરા શાખાના કર્મચારીઓ દ્વારા નિયમિત વોરંટ બજવણી અને સીલિંગ કામગીરી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત તાજેતરમાં વિશેષ ડ્રાઇવ યોજવામાં આવી હતી. ગત અઠવાડિયા દરમિયાન મિલકતવેરો ન ભરનાર કુલ ૩૧૨ આસામીઓને નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ વોરંટ બજવણી છતાં વેરો ભરપાઈ ન કરનાર ૩૭ આસામીની મિલકત મોરબી મહાનગરપાલિકા દ્વારા સીલ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન શહેર વિસ્તારમાંથી રૂ.૨,૪૮,૪૦,૫૦૩/- તથા જુદા-જુદા કલસ્ટર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી રૂ.૨,૧૨,૮૩,૮૪૪/-ની આવક મિલકતવેરા શાખાને પ્રાપ્ત થઈ હતી.

મહાનગરપાલિકાએ સ્પષ્ટ જણાવ્યું છે કે આગામી સમયમાં પણ વોરંટ બજવણી અને સીલિંગની કાર્યવાહી નિયમિત રીતે ચાલુ રહેશે. આથી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા અને મિલકતવેરો બાકી ધરાવતા તમામ આસામીઓને સત્વરે વેરો ભરપાઈ કરવા જાહેર અપીલ કરવામાં આવી છે. મિલકતવેરો તથા વ્યવસાયવેરો ભરપાઈ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન વેબસાઇટ, મોબાઇલ એપ્લિકેશન તેમજ ઓફલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહાનગરપાલિકા ઓફિસમાં સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી ઈસી તથા પીઓએસ મશીન દ્વારા ચુકવણી કરી શકાય છે. ઉપરાંત શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલા કુલ ૧૧ કલસ્ટર ઓફિસોમાં સવારે ૧૦.૩૦ થી સાંજના ૪ કલાક સુધી ટેક્સ સ્વીકારવામાં આવશે. મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટ https://mmcgujarat.in તથા Play Store પર ઉપલબ્ધ ''Morbi Municipal Corporation'' મોબાઇલ એપ્લિકેશન મારફતે પણ નાગરિકો સરળતાથી ઓનલાઈન મિલકતવેરો અને વ્યવસાયવેરો ભરી શકે છે. નાગરિકોને સુવ્યવસ્થિત અને ઝડપી સેવાઓ મળી રહે તે હેતુથી તમામ મિલકતધારકો અને ભોગવટેદારોને સમયસર વેરો ભરપાઈ કરવા મહાનગરપાલિકાએ અપીલ કરી છે.

# મોરબીમાં મહેન્દ્રનગર ચોકડી પાસે કારમાં અચાનક આગ, કોઈ જાનહાની નહીં



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મહેન્દ્રનગર ચોકડી નજીક પીપળી રોડ પર બજરંગ મોબાઈલની સામે એક કારમાં અચાનક આગ લાગી હતી. જો કે ફાયર ટીમે સમયસર આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

મોરબી શહેરમાં મહેન્દ્રનગર ચોકડી પાસે પીપળી રોડ ઉપર બજરંગ મોબાઈલની સામે એક કાર રજી.નં. જીજે-૦૫-સીપી-૨૫૨૨ માં અચાનક આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. આગ લાગતા જ કારમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. કારમાં સવાર લોકોની સમયસૂચકતા કારણે તેઓ તરત જ વાહનમાંથી બહાર નીકળી ગયા હતા.

ફાયર વિભાગને જાણ થતાં તરત જ ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આગ ક્યાં કારણોસર લાગી તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

# મોરબીમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે કલસ્ટર-૪ની સાઈટ વિઝિટ કરતા નાયબ કમિશનર




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા કલસ્ટર-૪ના ભડિયાદ વિસ્તાર સહિત વિવિધ સ્થળોએ નાયબ કમિશનરે સાઇટ વિઝિટ કરી સ્વચ્છતા કામગીરીનું નિરીક્ષણ કર્યું અને નિયમિત સફાઈ તથા કચરા સંકલન અંગે જરૂરી સૂચનાઓ આપી હતી.

મોરબી મહાનગરપાલિકામાં સ્વચ્છતાનું ધોરણ સતત જળવાઈ રહે તે હેતુસર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા કલસ્ટર-૪માં સમાવિષ્ટ ભડિયાદ વિસ્તાર ખાતે નાયબ કમિશનર સંજયકુમાર સોની(પ્રોજેક્ટ) એ સાઇટ વિઝિટ કરી હતી. આ દરમિયાન સો-ઓરડી મેઈન રોડ, ચામુંડા નગરથી ઉમિયા નગર મેઈન રોડ, માળીયા વનાળીયા સહિતના વિસ્તારોમાં ચાલી રહેલી સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નાયબ કમિશનરે સફાઈ કામદારોને સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતા સુવ્યવસ્થિત રીતે જળવાઈ રહે તે માટે નિયમિત કામગીરી કરવા સૂચના આપી હતી. સાથે જ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના તમામ પોઈન્ટ પર નિયમિત રીતે કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવે તે અંગે ખાસ ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત માળીયા વનાળીયા, શક્તિ સોસાયટી, ઉમિયા નગર અને ત્રણ મંદિર જેવા વિસ્તારોમાં આવેલા જીવીપીના વિવિધ પોઈન્ટની કામગીરીનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. શહેરમાં સ્વચ્છતા સતત જળવાઈ રહે અને નાગરિકોને સ્વચ્છ પરિસર મળી રહે તે માટે સફાઈ કર્મચારીઓને નિયમિત અને જવાબદારીપૂર્વક કામગીરી કરવા નાયબ કમિશનરે માર્ગદર્શન આપ્યું હતું.

# ક્રિકેટર રવિન્દ્ર જાડેજા અને તેમના પત્ની રિવાબા જાડેજાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કરી શુભેચ્છા મુલાકાત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ક્રિકેટર રવિન્દ્ર જાડેજા અને તેમના પત્ની એવા જામનગરના ધારાસભ્ય તથા રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત સંસદ ભવનમાં થઈ હતી.આ મુલાકાત દરમિયાન, ક્રિકેટરે બૂકે આપીને તો ધારાસભ્ય રિવાબા જાડેજાએ વડાપ્રધાન મોદીને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. તેમણે દેશના ભાવિ અને સંસ્કૃતિ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. રિવાબા જાડેજાએ આ ક્ષણને ગર્વની ક્ષણ ગણાવી હતી. રવિન્દ્ર જાડેજા અને રિવાબા જાડેજાએ આ મુલાકાતની તસવીરો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી હતી.

# જામનગર સરકારી.જી.જી.હોસ્પિટલના નવા તબીબી અધિક્ષક તરીકે પથોલોજી વિભાગના વડા ડો. વિજય પોપટને જવાબદારી સોંપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના જી.જી. હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી સુપ્રિટેન્ડન્ટની જગ્યા ચાર્જથી ચાલતી હતી,આરોગ્ય વિભાગે ડોકટર દિપક તિવારની જગ્યાએ સુપ્રિટેન્ડન્ટ તરીકે ડો. વિજય પોપટની નિમણૂંકની જાહેરાત કરી હતી.

ડો. વિજય પોપટ પ્રથમથી જ નેતૃત્વના ગુણો ધરાવે છે તેઓ યુજીમાં જીએસ, પીજીમાં જેડીએ, પ્રેસિડેન્ટ અભ્યાસ દરમિયાન રહી



ચૂક્યા હતાં. ઉપરાંત તેઓ.ત્રણ વખત સૌરાષ્ટ્ર યુનિ.ના સેનેટ મેમ્બર,૨ વખત ફેકલ્ટી ડીન, આઈએમએના નેશનલ વાઈસ પ્રેસિડન્ટ, ૨૦૧૭ એનએબીએલ લેબોરેટરી સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત ચાલુ કરાવી જેના તેઓ ડાયરેકટર છે તેમને આઈએમએના બે નેશનલ લેવલના એવોર્ડ અને આઈએમએના હેડકવાર્ટરમાં ઓનરરી પ્રોફેશરનો એવોર્ડ પણ મળ્યો છે.

# ગિરનારની તળેટીમાં ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો આજથી વિધિવત પ્રારંભ

## સાંસ્કૃતિક વારસાને દીપાવવા માટે આ વર્ષે પ્રથમવાર ભવ્ય 'ડમરુ યાત્રા'નું આયોજનઃ સર્વ સમાજની દીકરીઓ કળશ ધારણ કરી સંતોનું સ્વાગત કરશે






**૮૦૦થી વધુ ભાવિકો માટે રહેવાની આરામદાયક સુવિધાઃ ૨૫ સ્થળોએ વાહનો માટે સુરક્ષિત પાર્કિંગની વ્યવસ્થા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેવાધિદેવ મહાદેવના સાનિધ્યમાં ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે જૂનાગઢના પવિત્ર ભવનાથ ગિરનારની તળેટીમાં પરંપરાગત રીતે વિશ્વ પ્રસિદ્ધ 'મહાશિવરાત્રી મેળો' યોજાશે. આ વર્ષે ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો આજથી વિધિવત પ્રારંભ થયો હતો. પાંચ દિવસ યોજાતા આ અલૌકિક મેળામાં આવતા શ્રદ્ધાળુઓને કોઈ પણ અગવડ ન પડે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિવિધ સુવિધાઓ સાથે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જૂનાગઢના સુપ્રસિદ્ધ મહાશિવરાત્રી મેળાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને દીપાવવા માટે આ વર્ષે પ્રથમવાર ભવ્ય 'ડમરુ યાત્રા'નું આયોજન કરાયું છે જેમાં, નાયબ મુખ્યમંત્રી પણ સહભાગી થશે. ઈતિહાસમાં પ્રથમવાર સર્વ સમાજની દીકરીઓ કળશ ધારણ કરી સંતોનું સ્વાગત કરશે. આ ભવ્ય ડમરુ યાત્રા મેળાના પ્રથમ દિવસે, એટલે કે ૧૧મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૭૦૦ કલાકે ભવનાથ પ્રવેશ દ્વારથી શરૂ થઈ ભવનાથ મંદિર સુધીના અંદાજિત ૪૦૦ મીટરના માર્ગ પર ભક્તિમય માહોલમાં નીકળશે. યાત્રાના સમાપન બાદ ભવનાથ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રિકોના રાત્રિ રોકાણને આરામદાયક બનાવવા માટે ૮૦૦-૮૫૦ ભાવિકોની ક્ષમતાં ધરાવતો વિશાળ જર્મન ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. ભાવિકો માટે ૨,૦૦૦ ચો.મી.માં ફેલાયેલા આ ડોમમાં ૭૦૦ પલંગ અને ૧૫૦ ફ્લોર બેડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે તેમને ૨૪*૭ હાઉસકીપિંગ, મેડિકલ સહાય, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ અને સામાન રાખવા માટે અલગ લગેજ રેક જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

મેળામાં આવતા નાગરીકોના વાહનોના વ્યવસ્થાપન માટે ઉપરકોટ, પાંજરાપોળ, વાઘેશ્વરી મંદિર, જેવા ૨૫ અલગ-અલગ સ્થળોએ વિશાળ પાર્કિંગ પ્લોટ્સ બનાવવામાં આવ્યા છે. નાગરીકોના વાહનોની સુરક્ષા માટે દરેક પાર્કિંગમાં સીસીટીવી કેમેરા, પીવાનું પાણી અને શૌચાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળાના માર્ગો અને મંદિરોને વધુ ભક્તિમય બનાવવામાં આવશે. જેમાં સમગ્ર ભવનાથ મેળા વિસ્તારને ભગવાન ભોલેનાથની થીમ પર શણગાર કરવામાં આવશે. ભવનાથ મંદિરનું ફૂલોથી સુશોભન અને સમગ્ર રવેડી રૂટ પર આકર્ષક રોશની કરવામાં આવશે. ભવનાથ મંદિર, અખાડાઓ, દામોદર કુંડ અને ૬ મુખ્ય પ્રવેશદ્વારોને આકર્ષક રોશનીથી ઝળહળતા કરવામાં આવશે. મેળાના રસ્તામાં ૦૬ - સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ઉપરાંત સમગ્ર મેળા વિસ્તારમાં ભગવાન શંકરના કલાત્મક ચિત્રો પણ કંડારવામાં આવ્યા છે. ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધીના રસ્તા ઉપર સુશોભન અને લાઈટિંગ પણ કરવામાં આવી છે.

ભવનાથ અને તેની આસપાસના વિસ્તારોમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ આધુનિક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ અંતર્ગત, પીવાના શુદ્ધ પાણી માટે ભવનાથમાં ૧૪૦ પરબની વ્યવસ્થા કરાઈ છે. પર્યાવરણની જાળવણી માટે ૧૦ બોટલ ક્રશર મશીન અને કોઈપણ તબીબી જરૂરિયાતને પહોંચી વળવા માટે ૨૮ મેડિકલ સુવિધા કાઉન્ટર્સ પણ કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, મેળા દરમિયાન કુલ ૧૧૮ હંગામી ટોયલેટ તેમજ ભવનાથ વિસ્તારમાં ૬ મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. જેમાં ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા અને ૨૪*૭ હાઉસકીપિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે.

આ પાર્કિંગના તમામ સ્થળોએ ફ્લડ લાઈટ, સેનિટેશન, સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, રાઉન્ડ ધી ક્લોક પોલીસ બંદોબસ્ત રહેશે. આ માટે જિલ્લા કક્ષાએ પાર્કિંગ સમિતિની રચના કરવામાં આવી છે. આ પાર્કિંગથી મુખ્ય બે પોઈન્ટ ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી શ્રદ્ધાળુઓ ભવનાથ તરફ પ્રસ્થાન કરશે. પાર્કિંગ સ્થળોએથી ખાસ કરીને દિવ્યાંગોને મેળામાં લઇ જવા માટે ૨૫ જેટલી રીક્ષાઓથી નિશુલ્ક પરીવહનની સુવિધા પુરી પાડવાનું આયોજન કર્યું છે.

સ્થાનિક તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને સુરક્ષા માટે બેરીકેટીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મહાશિવરાત્રીની રાત્રે યોજાનારી સાધુ-સંતોની શાહી રવેડી અને મૃગીકુંડમાં શાહી સ્નાન મેળાનું મુખ્ય આકર્ષણ રહેશે.

'અતિથિ દેવો ભવ'ની ભાવના સાથે રાજ્ય સરકાર મહાશિવરાત્રી મેળાને ભક્તિ, શક્તિ અને સુવિધાનો ત્રિવેણી સંગમ બનાવી શ્રદ્ધાળુઓને આવકારવા સંપૂર્ણ સજ્જ છે.

# જાણો સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ શા માટે મનાવવામાં આવે છે

## રોજે રોજે ઉજવીએ ''સેફર ઈન્ટરનેટ ડે'', કેમ કે આપણી સલામતી આપણા જ હાથમાંઃ ડિજિટલ ડિટોક્સ જરૂરી ઈન્ટરનેટનાં ઉપયોગની બાબતમાં સંતુલન અનિવાર્ય

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ રાધિકા વ્યાસ**

''અભિનંદન... તમે જીત્યા છો બે લાખ રૂપિયા.. લીંક પર ક્લિક કરી આપની વિગતો ભરો અને મેળવો આપનું ઈનામ....આ લીંક તમારા ૫ ગ્રૃપમાં ફોરવર્ડ કરી મેળવો કરોડોના ઈનામ જીતવાની તક...''

આજે સ્માર્ટફોનનો ઉપયોગ સ્માર્ટ રીતે કરતા શીખવું જરૂરી છે. અત્યારે આપણે સૌ નાની મોટી તમામ વસ્તુઓથી લઇને સેવા મેળવવા માટે ઈન્ટરનેટનો સહારો લઇએ છીએ. ઓનલાઈન ખરીદીના વધતા પ્રમાણ સામે ઓનલાઈન ફ્રોડ કે છેત્તરપિંડીના બનાવો પણ વધે છે. આવા સમયે વિચાર કર્યા વગર કોઈ અજાણી લીંક પર ક્લિક કરવું ભારે પડી શકે છે. આ પ્રકારની લીંક પર ક્લિક કરવાથી તમે ફ્રોડનો શિકાર બની શકો છે.

આજે ઈન્ટરનેટ દરેક વ્યક્તિ માટે જરૂરિયાત બની ગયું છે. કોઈપણ માહિતી મેળવવા માટે, પૈસા ટ્રાન્સફર કરવા માટે હવે ઈન્ટરનેટનો જ ઉપયોગ થાય છે. ત્યારે દર વર્ષે ફેબ્રુઆરી માસના બીજા મંગળવારે ઉજવાતા ''સલામત ઈન્ટરનેટ દિવસ'' નિમિત્તે લોકોને ઈન્ટરનેટનો સુરક્ષિત ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આજે પ્રાઈવસી અને સિક્યોરીટી ચિંતાનો વિષય બન્યો છે, તેથી જ ઓનલાઇન સુરક્ષા બાબતે લોકોને જાગૃત કરવા માટે સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ મનાવવામાં આવે છે. તેનો ઉદ્દેશ ડિજિટલ દુનિયાને વધુ સુરક્ષિત બનાવવાનો છે, જ્યાં દરેક વ્યક્તિ ટેકનોલોજીનો જવાબદારીપૂર્વક, સન્માનપૂર્વક અને સર્જનાત્મક રીતે ઉપયોગ કરી શકે છે.

સુરક્ષિત ઈન્ટરનેટ દિવસનો ઈતિહાસઃ સુરક્ષિત ઈન્ટરનેટ દિવસની શરૂઆત ૨૦૦૪માં યુરોપિયન યુનિયનના એક પ્રોજેક્ટની પહેલ તરીકે થઈ હતી. લોકોને ડિજીટલ વિશ્વથી વાકેફ કરવા વર્ષ ૨૦૦૫થી સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસ હવે વિશ્વના લગભગ ૨૦૦ દેશોમાં ઉજવવામાં આવે છે.

ઈન્ટરનેટ વાપરવામાં પણ બેલેન્સ જાળવવું જરૂરી છે. અહીં વાત માત્ર પ્રાઈવસીની નથી, સિક્યોરિટીની છે. ફોન, કમ્પ્યૂટર અને વિવિધ ઓનલાઇન એકાઉન્ટ્સને સિક્યોર રાખવાની રીતો સમજીને તેનો અમલ અનિવાર્ય છે.

દરેક એકાઉન્ટની સિક્યોરિટી અતિ આવશ્યકઃ દરેક એકાઉન્ટની સિક્યોરિટી તેના પાસવર્ડથી શરૂ થાય છે અને લગભગ ત્યાંથી જ તૂટે છે. ત્યારે એ જોવું રહ્યું કે વિવિધ એકાઉન્ટ માટે પાસવર્ડ જુદા જુદા છે? યાદ ન રહે તેવા અઘરા છે? જ્યાં મળે ત્યાં ટુ-સ્ટેપ વેરિફિકેશન-એકાઉન્ટ રીકવરીની સવલતોનો લાભ લો છો? મહત્વનાં એકાઉન્ટનાં સેટિંગ્સ ચકાસી લો.

દરેક ડિવાઇસની સલામતી પણ જાળવોઃ તમારો ફોન અને કમ્પ્યૂટર હંમેશાં લોક રહે છે? તેના પાસકોડ ભૂલી જાવ તો સહેલાઈથી મળે એમ સાચવ્યા છે? ફક્ત સ્માર્ટફોનનો ઉપયોગ કરતા હશો તો લગભગ તમારા ગૂગલ એકાઉન્ટનો પાસવર્ડ ભૂલી ગયા હશો! તેના વિના તમારા જ સ્માર્ટફોનમાં તમારી એન્ટ્રી અશક્ય છે. ફોનના હોમ સ્ક્રીન પર કે ફોનના કવરમાં તમારી અન્ય સંપર્ક વિગતો રાખી છે? આ બાબતો ખૂબ જરૂરી છે.

ડિજિટલ ડિટોક્સ જરૂરી બિનજરૂરી સ્ક્રોલિંગ ટાળી પરિવાર સાથે સમય વિતાવોઃ ઈન્ટરનેટનાં વધુ પડતાં ઉપયોગને કારણે પરિવાર વચ્ચે સંવાદ ઘટતો જાય છે. ઈન્ટરનેટે દેશો વચ્ચેનાં અંતર ઘટાડ્યા પણ પરિવાર વચ્ચે અંતર વધારી દીધાં છે. આપણે પોતપોતાના મોબાઇલમાં પરોવાયેલા રહીએ છીએ. ઈન્ટરનેટના આક્રમણ સામે પારિવારિક સંબંધો પણ અકબંધ અને હૂંફાળા રાખવા જરૂરી છે. બિનજરૂરી સ્ક્રોલિંગ ટાળીને પરિવાર સાથે સમય વિતાવવો.

બાળકોના હાથમાં મોબાઇલ આપતાં પહેલા વિચારોઃ પરિવારજનો દ્વારા બાળકોને સામેથી સ્માર્ટફોન પકડાવી દેવો કે પછી કંટાળીને અંતે ફોન ઝૂંટવવાની કોશિશ કરવી - આ બંને વાત જોખમી છે, અને લગભગ દરેક ઘરમાં જોવા મળે છે. ઓનલાઇન એજ્યુકેશન માટે હવે સ્માર્ટફોન ઉપયોગ અનિવાર્ય છે ત્યારે સંતાન ફોનમાં શું કરે છે, શું જુએ એ પણ જોવું આવશ્યક છે. બાળક માત્ર મોબાઇલમાં જ સમય પસાર કરે તેનાં સ્થાને મેદાનમાં પણ વિવિધ રમતો રમીને શારીરિક સ્વસ્વસ્થા મેળવે તે બાળપણનો અત્યંત જરૂરી ભાગ છે.

# ગોંડલ આઈ.સી.ડી.એસ ઘટક-૧ ની આંગણવાડી કેન્દ્રોને સુદ્રઢ બનાવવા નવીનીકરણ ઝુંબેશ અતર્ગત કાયાકલ્પ

## ૧૨૪ આંગણવાડી કેન્દ્રો પૈકી ૮૯ આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણ ઝુંબેશની કામગીરી કરવામા આવી રહી છે




**મુખ્ય સમાચાર, ઉપલેટા**

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ રાજ્યમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ,સુરક્ષિત,ંગરોગાન કરી માળખાકીય સુવિધાઓનું વધારો કરવાનું છે,જે માટે આંગણવાડી કેન્દ્રોને જર્જરિત થતાં અટકાવના હેતુસર વાર્ષિક મરામત,જાળવણી,તથા રિનોવેશન માટે રાજ્ય સ્તરેથી જિલ્લા સ્તરે ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે,

જે સંદર્ભે ગોંડલ ઘટક-૧ માં ૧૨૪ આંગણવાડી કેન્દ્રો પૈકી ૮૯ આંગણવાડી કેન્દ્રોમાં સ્વ્છ્તા સહિત નવીનીકરણ ઝુંબેશની કામગીરી આઈ.સી,ડી.એસ,શાખા ગોંડલ ઘટક-૧ દ્વારા શરૂ કરવામાં આવી છે જે પૈકી ૩૩ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પુર્ણ કરવામાં આવી છે. તેમજ ૩૫ આંગણવાડી કેન્દ્રો પ્રગતિ હેઠળ છે,અને ૨૧ આંગણવાડી કામગીરી સ્કીય રીતે ચાલુ છે. મોટાસમારકામ માં આંગણવાડીની માળખાકીય સુવિધામા જરૂરીયાત મુજબ ભોયતળિયું સ્લેબ બારીદરવાજા, ટોઇલેટ રિપેરિંગ, કલરકામ, ભીતચિત્રો, કિચન વગેરે અને વાર્ષિક મરામતની ગ્રાન્ટ માંથી કરવામાં આવે છે તેમજ નાના સમારકામો સુવિધા અંતર્ગત ,કલરકામ , ભીતચોત્રો, પાણી, ટોઇલેટ, બારી દરવાજા રિપેરિંગ,છ્ત રિપેરિંગ, વગેરે કામગીરી ચાલુ છે, વધુમાં સરકાર દ્વારા નક્કી કરેલ મૂલ્યાંકન મુજબ દરેક ઘટક દીઠ ૩ આંગણવાડી ગ્રામ્ય અને ૩ આંગણવાડી કેન્દ્રો નગરપાલિકામા મૂલ્યાંકન મુજબની આંગણવાડી કેન્દ્રોને જીલ્લા કક્ષાએ પુરસ્કાર તરીકે મોકલવાની છે, આ કામગીરી બાબતે માનનીય જિલ્લા વિકાસ અધિકારી નું સતત માર્ગદર્શન થી આંગણવાડી કેન્દ્રો ૧૬ ફેબ્રુઆરી સુધીમાં ગોંડલ ઘટક -૧ ની તમામ આંગણવાડી કેન્દ્રો કામગીરી પુર્ણ કરવા માટે સતત માર્ગદર્શન સોનલબેન વાળા બાળ વિકસ યોજના તરફથી આંગણવાડી કાર્યકરને આપવામાં આવે છે તેમજ ફિલ્ડ વિઝિટમા જઈ સ્થળનું નિરીક્ષણ કરી સતત મોનિટરીગ પણ કરવામાં આવે છે તે અંગેનું જીલ્લા ક્ક્ષાએ રિપોટિંગ ડે ટુ ડે આપવામા તેવું જણાવેલ છે

# જામનગરમાં સરકારી જમીન પચાવી પાડવાનો કેસઃ ૬ સામે ગુનો, ૩ આરોપીઓની અટકાયત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રણજીત સાગર રોડ પરની સરકારી જમીન પચાવી પાડવાના મામલે પોલીસે કાર્યવાહી કરી છે. ૮,૫૮૬ ચોરસ મીટર સરકારી ખરાબાની જમીનના ખોટા નકશા અને દસ્તાવેજો બનાવી ૬૬ પ્લોટ પાડી વેચી દેવાના કાવતરામાં ૬ શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની અટકાયત કરી છે.આ કિંમતી જમીનની હાલની બજાર કિંમત આશરે રૂપિયા ૨.૮૦ કરોડ અંદાજવામાં આવી છે. આ જમીન પચાવી પાડવાના આરોપસર જામનગરના મનસુખ રતિલાલ ભટ્ટી, આમદભાઈ ઉંમરભાઈ ખફી, નુરમામદ ઉર્ફે ખોડુભાઇ દાઉદભાઈ ચાવડા, રાજેશ કાંતીલાલ મારૂ, યજ્ઞેશ રતિલાલ રાણપરીયા અને જગદિશ ગણેશભાઈ ચોવટીયા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.આ પ્રકરણની તપાસ જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. ટીમે આજે સવારે ત્રણ આરોપીઓ જગદીશ ગણેશભાઈ ચોવટીયા, રાજેશ કાંતિલાલ મારુ અને યજ્ઞેશ રતિલાલ રાણપરીયાની અટકાયત કરી છે. ત્રણેયની સઘન પૂછ્પરછ હાથ ધરવામાં આવી છે. પોલીસે અન્ય ત્રણ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના કોયલી ખાતે આહિર સમાજનો અઢારમો સમૂહ લગ્નોત્સવ ૧૩ ફેબ્રુઆરીએ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-જામનગર-રાજકોટ આહિર સમાજ સમૂહ લગ્ન પરિવાર દ્વારા શુક્રવાર તા. ૧૩-૦૨-૨૦૨૬ના રોજ કોયલી ગામ ખાતે અઢારમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી આહિર સમાજ સમૂહ લગ્ન પરિવાર મોરબી-જામનગર-રાજકોટ દ્વારા આયોજિત અઢારમો સમૂહ લગ્નોત્સવ સંવત ૨૦૮૨ મહા વદ અગિયારસને શુક્રવાર તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોયલી ગામે આવેલા સમૂહ લગ્ન સભા મંડપ ખાતે યોજાનાર છે. આ સમૂહ લગ્નોત્સવનું આયોજન સમાજના જ્ઞાતીજનો, દાતાઓ અને કાર્યકર્તાઓના સહયોગથી કરવામાં આવ્યું છે. ત્યારે આ પ્રસંગે પ્રભુતામાં પગલા પાડતા નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે સમાજના તમામ સભ્યો અને નાગરિકોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. સમૂહ લગ્નોત્સવ દરમિયાન મંડપ રોપણ, જાન આગમન, સામૈયા, છાબ ભરવાની વિધિ, હસ્ત મેળાપ, આશીર્વાદ સમારોહ, ભોજન સમારંભ અને કન્યા વિદાય જેવા માંગલિક અવસરો યોજાનાર છે. આ સમૂહ લગ્નોત્સવથી સમાજમાં એકતા, સહકાર અને સામૂહિક સંસ્કૃતિને વધુ મજબૂતી મળશે તેમ આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

# હળવદ વેગડવાવ ફાટક પાસે ઓવરબ્રિજ-અંડરબ્રિજ માટે ફાઈનલ માપણી પૂર્ણ, વિકાસને મળશે નવી ગતિ

**મુખ્ય સમાચાર, મોરબી**



હળવદ વેગડવાવ ફાટક ખાતે પ્રસ્તાવિત ઓવરબ્રિજ અને અંડરબ્રિજના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત રેલવે વિભાગની મંજૂરી બાદ આજે ફાઈનલ માપણીની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ માપણી પૂર્ણ થતાં ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ તરફ મહત્વપૂર્ણ પગલું ભરાયું છે અને ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી કામ શરૂ થવાની દિશામાં ગતિ મળશે.

હળવદ શહેરના વેગડવાવ ફાટક વિસ્તારમાં ઓવરબ્રિજ તથા અંડરબ્રિજના નિર્માણ માટે આજે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત હળવદ નગરપાલિકા ટીમ, ડી.એલ.આર કચેરી મોરબી, જી.યુ.ડી.સી મોરબી તેમજ તેમની પી.એમ.સી ટીમની સંયુક્ત ઉપસ્થિતિમાં રેલવે વિભાગની મંજૂરી મળ્યા બાદ ફાઈનલ માપણી કરવામાં આવી હતી, જે પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આ માપણી પૂર્ણ થવાથી હવે પ્રોજેક્ટ આગળ વધારવાની પ્રક્રિયા સરળ બની છે. ફાઈનલ માપણી બાદ ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા જાહેર કરવામાં આવશે અને ત્યારબાદ વાસ્તવિક કામ શરૂ કરવામાં આવશે. આ મહત્વના વિકાસકાર્યથી હળવદ શહેરમાં લાંબા સમયથી ચાલતી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ મળશે તેમજ શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા અને ગતિ મળશે. સાથે જ હળવદ તથા આસપાસના વિસ્તારોના નાગરિકોને અવરજવર માટે મોટી સુવિધા પ્રાપ્ત થશે.

# મોરબીના ૧૮ વર્ષીય યુવા સંશોધક પરમ જોલાપરાને 'ઈન્ટરનેશનલ આઈકોન એવોર્ડ ૨૦૨૬' એનાયત

**મુખ્ય સમાચાર, મોરબી**




સામાન્ય રીતે ૧૮ વર્ષની ઉંમરે યુવાનો પોતાની કારકિર્દી પસંદ કરવામાં વ્યસ્ત હોય છે, ત્યારે મોરબીના યુવા લેખક અને સંશોધક પરમ જોલાપરાએ આધ્યાત્મિક સંશોધન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો છે. ઉત્તર પ્રદેશ વર્લ્ડ રેકોર્ડ્સ (UPWR) દ્વારા આયોજિત ઓનલાઇન એવોર્ડ સમારોહમાં પરમ જોલાપરાને શિક્ષણ અને સંશોધન (Education & Research) ક્ષેત્રે તેમના અનન્ય પ્રદાન બદલ પ્રતિષ્ઠિત ''International Icon Award 2026'' એનાયત કરવામાં આવ્યો છે.

સમાજ અને શિક્ષણ જગત માટે પ્રેરણા 'ઈન્ટરનેશનલ આઈકોન એવોર્ડ ૨૦૨૬' દ્વારા પરમની નિષ્ઠા, નવીન વિચારસરણી અને શિક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને બિરદાવવામાં આવી છે. આ એવોર્ડ માત્ર વ્યાવસાયિક સિદ્ધિ જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે પ્રેરણાનું પ્રતીક છે.

# મોરબીના ભડિયાદ ગામ નજીક દારૂના ૪ ચપલા સાથે પરપ્રાંતિય ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ભડિયાદ ગામની સીમમાં સોકા સેનેટરી કારખાનાની સામે જાહેરમાં વિદેશી દારૂ ૮પીએમના ચાર નંગ ચપલા કિ.રૂ.૭૪૦/-લઈને નીકળેલ આરોપી પરંજીતસિંઘ રાજેન્દ્રસિંઘ માન ઉવ.૨૬ રહે. હાલ સીરામીક સીટી એલ-૧ બિલ્ડીંગ લાલપર મૂળરહે. મોર માજરા તા.ભલ્લા જી.કરનાલ હરિયાણા વાળાને મોરબી તાલુકા પોલીસ ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ? ધરી છે.

# મોરબીમાં પાડાપુલની મરામતને કારણે ૧૨ ફેબ્રુઆરીથી વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં મચ્છુ નદી ઉપર આવેલા જુના પાડાપુલની મરામત કામગીરીને કારણે તા.૧૨/૦૨ના રોજ રાત્રીના ૧૧ વાગ્યાથી જ્યાં સુધી કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકાયો છે. આ મામલે જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક જે.બી. આલ અને પ્રાંત અધિકારી પ્રવીણ જેતાવતે પ્રેસ કોન્ફરન્સમાં વિગતો આપી હતી. મોરબી શહેરમાં મચ્છુ નદી ઉપર આવેલા પાડાપુલ (જુનો પુલ)ની મહત્વપૂર્ણ મરામત કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી જીલ્લા પ્રશાસન દ્વારા ટ્રાફિક પ્રતિબંધ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. મોરબી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક જે.બી. આલ તથા પ્રાંત અધિકારી પ્રવીણ જેતાવત દ્વારા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ, મોરબી દ્વારા પાઠવેલ દરખાસ્ત મુજબ મોરબીમાં સામાકાંઠા વિસ્તારને જોડતો પાડાપુલના બેરીંગ બદલવા, જોઇન્ટ બદલવા તેમજ પુલ ઉપર માસ્ટિક આસ્ફાલ્ટની કામગીરી કરવાની છે. આ કામગીરી દરમિયાન જાહેર સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પુલ ઉપરથી વાહન વ્યવહાર બંધ રાખવાની જરૂરિયાત જણાતા જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી નિર્ણય લેવામાં આવ્યો કે, આગામી તા.૧૨ ફેબ્રુઆરીના રોજ રાત્રીના ૧૧.૦૦ કલાકથી મરામત કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી મચ્છુ નદી ઉપર આવેલા પાડાપુલ (જુના પુલ) પરથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. પ્રશાસન દ્વારા ખાસ કરીને એસ.ટી. બસ માટે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે, જેથી મુસાફરોને ઓછી અસુવિધા થાય. જેમાં મોરબી/રાજકોટથી કચ્છ, અમદાવાદ તેમજ કચ્છ અને અમદાવાદ તરફથી મોરબી/રાજકોટ આવનારા વાહનો માટે અલગ-અલગ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. પ્રશાસને નાગરિકોને અપીલ કરી છે કે જાહેરનામાનું પાલન કરી વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે તેમજ મરામત કામગીરી દરમ્યાન ટ્રાફિક પોલીસને સહયોગ આપે, જેથી કામગીરી સમયસર અને સલામત રીતે પૂર્ણ કરી શકાય.

# જામનગરના દક્ષિણ વિધાનસભા વિસ્તારના ૨૦૮.૮૯ લાખના ૪૦ વિકાસના કાર્યોનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના પ્રયાસોથી તેઓના વિધાનસભા વિસ્તારમાં જુદાજુદા વોર્ડમાં વિકાસ ની વણથંભી રફતાર અવિરત ચાલુ રહી છે, અને વોર્ડ નંબર ૭ અને ૮ અને ૧૪ બાદ વોર્ડ નંબર ૧૩ માં પણ એકી સાથે કુલ રૂપિયા ૨૦૮. ૮૯ લાખના ૪૦ જેટલા વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરાયા હતા. ક્રિષ્ના પાર્ક મેઈન ચોકમાં પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ફુલીયા હનુમાન મંદિર પાસે એકીસાથે બે કામો ના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.ત્યારબાદ રણજીત સાગર રોડ પર આવેલા ગુરુ નાનક મંદિર પાસે એકીસાથે ૬ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા, ત્યાર પછી સંત કેવલરામ મંદિર વાળા ચોકમાં અલગ અલગ પાંચ કાર્યોના એકી સાથે ખાતમુહૂર્ત કરી લેવામાં આવ્યા હતા. જયારે કેનાલ રોડ ભારત ઓટો થી હર્ષદ ગેરેજ પાસેના સમગ્ર વિસ્તારમાં જુદા જુદા ૭ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નેશનલ હાઈસ્કુલ સામે ગુરુદત્તાત્રેય મંદિર પાસે પણ અલગ અલગ પાંચ કામોના ખાતમુહૂર્ત કરી લેવાયા હતા, જયારે સૂરજ બાગની અંદર મેઇન ચોકમાં પણ ત્રણ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. જયારે સેન્ટ્રલ બેન્કની સામે ભટ્ટ ફળીમાં પણ અલગ પાંચ કામો ના ખાત મુહૂર્ત કરવામાં આવ્યા હતા.ત્યાર પછી પટોળી ફળીના મેઇનચોકમાં ૪ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા, તેમજ કિસાન ચોક વિસ્તારમાં સુનિલભાઈ નંદાના ઘર પાસે અલગ અલગ બે કામોના ખાતમુહૂર્ત કરી લેવાયા હતા.ઉપરોક્ત તમામ વિકાસકર્યોના ખાતમુહૂર્ત સમયે ધારાસભ્ય દિવ્યેશ અકબરીનું સ્થાનિક અગ્રણીઓ દ્વારા અભિવાદન કરી ને આવકાર અપાયો હતો. જેઓની સાથે જામનગર મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસુર્યા, શહેર ભાજપના પ્રમુખ બિનાબેન કોઠારી,મહામંત્રી વિજયસિંહ જેઠવા,ભાવેશભાઈ ઠુમ્મર અને મૃગેશભાઇ દવે,વોર્ડ નંબર ૧૩ ના કોર્પોરેટર કેતનભાઈ નાખવા, પ્રવીણાબેન રૂપડીયા, બબીતાબેન લાલવાણી ઉપરાંત શહેર ભાજપના અન્ય અગ્રણીઓ, વોર્ડ નંબર ૧૩ ના ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પ્રમુખ-મહામંત્રી, સ્થાનિક કાર્યકરો, અને અન્ય અગ્રણીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભરૂડી ગામ નજીક આઇસર ટ્રકમાં રૂ.૨૨ લાખના વિદેશી દારૂ સાથે ચાલકની ધરપકડ





## ગ્રામ્ય એલસીબીની ટીમે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી દરોડો પાડયોઃ આઇસર સહિત રૂ.૨૭.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જેઃ દારૂના જથ્થાની સપ્લાય કરનાર અને મંગાવનાર સહિતના શખ્સોની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ પર જ હોય તેમ છાસવારે વિદેશી દારૂનો મોટો જથ્થો પકડાઇ રહ્યો છે ત્યારે ગોંડલ તાલુકામાં આવેલ ભરૂડી ગામ નજીક નેશનલ હાઈવે પર ગ્રામ્ય એલસીબીની ટીમે રૂ.૨૨ લાખનો વિદેશી દારૂનો જથ્થો ભરેલ આઇસર ટ્રક સાથે ચાલકની ધરપકડ કરી કુલ રૂ.૨૭.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ.સી.ગોહિલ, કે.એમ.ચાવડા, આર.વી.ભીમાણી, એએસઆઇ બાલકૃષ્ણભાઇ, જયવીરસિંહ, અનીલભાઇ સહિતનો સ્ટાફ રાજકોટ પોરબંદર હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, વિદેશી દારૂ ભરેલુ આઇસર રાજકોટ તરફથી જેતપુર તરફ જઇ રહ્યું હોવાની હકિકત મળતા પોલીસે ભરૂડી પાસે આવેલ ટોલનાકા નજીક વોચ ગોઠવી હતી. ત્યારે આઇસર ટ્રક નંબર જીજે૨૧વી૭૬૭માં એક ચાલક આઇસર લઇ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા કવરીંગ માટે ઉપયોગમાં લેવાતા પુઠ્ઠાના બોકસની આડમાં છુપાવેલો વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ ૭૧૯૩ કિંમત રૂ.૨૨.૧૩ લાખનો જથ્થો મળી આવતા પોલીસે આઇસર ટ્રકના ચાલક સુભાસ બિરબલ સારણ (રહે.જાલોર, રાજસ્થાન)ની ધરપકડ કરી આઇસર સહિત રૂ.૨૭.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા શખ્સની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો કલ્પેશ ઢાંકાએ મોકલાવ્યો હોવાનું અને દારૂનો જથ્થો મંગાવનાર સહિતના શખ્સની શોધખોળ આદરી છે.

# વિરપુરની ગંગાનગર સોસાયટીમાં ૭૮૦ ગ્રામ ગાંજા સાથે રજપૂત શખ્સની ધરપકડ

## ગાંજો આપનાર હરીપર મેવાસાના પેડલરની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાત્રાધામ વિરપુરમાં નસીલા પદાર્થોનું વેચાણ થતું હોવાની ફરીયાદોના પગલે ગ્રામ્ય એસઓજીની ટીમે વોચ ગોઠવી ગંગાનગર સોસાયટીમાં ૭૮૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને દબોચી લઇ રૂ.૪૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એસઓજી ટીમના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી એએસઆઇ પરબતભાઇ, ફીરોઝભાઇ, રૂપકભાઇ અને હેડ કોન્સ. ક્રિપાલસિંહ સહિતનો સ્ટાફ



વિરપુર ખાતે પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગંગાનગર સોસાયટી બ્લોક નં.૧માં રહેતો જગદીશ કનુ સરવૈયા નામના રજપૂત શખ્સે પોતાના ભોગવટાવાળા રહેણાંક મકાનમાં ગાંજાનો જથ્થો સંતાડયો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દોરડો પાડતા જગદીશ સરવૈયાના મકાનમાંથી ૭૮૦ ગ્રામ ગાંજો કિંમત રૂ.૩૯૪૫૦નો જથ્થો મળી આવતા પોલીસે મોબાઇલ સહિત રૂ.૪૪૪૫૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ કરતા ગાંજાનો જથ્થો હરીપર મેવાસાનો સોમા ચના મકવાણા નામનો પડલર આપી ગયાની કબુલાત આપતા પોલીસે સોમા મકવાણાની શોધખોળ શરૂ કરી છે.

# ટ્રાવેલ્સની બસમાં જામકંડોરણા પાસે સોનાના દાગીનાની ચોરીઃ બેલડી ઝબ્બે

## તારાપુર ચોકડીથી મોડી રાત્રે બસમાં બેસી મુસાફરનો કિંમતી સામાન ચોરી ચોટીલા ઉતરી જતાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરતથી જામકંડોરણા ચાલતી ધરતી ટ્રાવેલ્સ બસમાં મહિલાના ૩.૪૮ લાખના ઘરેણાની ચોરીનો ભેદ રૂરલ એલસીબીની ટીમે ઉકેલી ચોટીલા પંથકના દંપતી, સાસુ,સાઢુભાઈ સહિત ચાર આરોપીઓને ઝડપી લીધા હતાં. જેમની પુછ્તાછ્માં વધુ એક ચોરીના બનાવનો ભેદ ઉકેલાયો હતો.

આ ટોળકી મોડી રાત્રીના તારાપુરથી બસમાં બેસતી હતી જે સમયે મુસાફરો ગાઢ નિંદ્રામાં હોય ત્યારે તેમનો કિંમતી સામાન ચોરી વહેલી સવારે ચોટીલા પાસે ઉતરી જતી હતી. પોલીસે ટોળકી પાસેથી સાત લાખની કિંમતનો સોનાનો ઢાળિયો સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જામકંડોરણા વિસ્તારમાં સુરતથી જામકંડોરણા ચાલતી ધરતી ટ્રાવેલ્સમાં મહિલાના સોના-ચાંદીના ઘરેણા સહિત રૂ.૩.૪૮ લાખની



ચોરીનો બનાવ બન્યો હતો. ચોરીના આ બનાવને લઇ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા બનાવનો ભેદ ઉકેલવા સૂચના આપી હોય જેને લઇ એલસીબી પીઆઇ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઇ એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, કે.એમ. ચાવડા તથા ટીમ તપાસમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે જામકંડોરણાના રંગપરના પાટીયા પાસેથી બે મહિલા સહિત ચાર આરોપીને ઝડપી લઇ આ બનાવનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

પકડાયેલ આરોપીઓમાં રણજીતભાઇ પ્રતાપભાઇ મંગાભાઇ ઓગાણીયા, (રહે. ચોટીલા થાન રોડ પાર્ક કોમ્પ્લેક્ષ એસ.બી.આઇ. બેંકની ઉપર જગુભાઇ ધાધલના મકાનમાં ભાડેથી, ચોટીલા), કીરીટ જેન્તી રામજીભાઇ બુટીયા(રહે. ચોટીલા થાન રોડ પાર્ક કોમ્પ્લેક્ષ), હંસાબેન દીલીપ ઉર્ફે રાકેશ વલ્લભ વાઘેલા(રહે. ચોટીલા) અને ભારતીબેન ઉર્ફે ગુડી કીરીટ બુટીયા(રહે. ચોટીલા) નો સમાવેશ થાય છે. પોલીસે આ ટોળકી પાસેથી ૬૦ ગ્રામ સોનાનો ઢાળીયો કિ. રૂ.૭ લાખ, રોકડા રૂપીયા ૮,૩૦૦, મોબાઇલ સહિત કુલ રૂ. ૭.૧૩નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આરોપીની પુછ્તાછ કરતા આજથી આશરે એક મહીના પહેલા મોરબીથી સુરત જતી વર્ણીરાજ નામની ટ્રાવેલ્સમાં ઉપરોક્ત ચારેય બેસી તારાપુર ચોકડીથી વટામણ ચોકડી વચ્ચે એક પેસેન્જરના થેલામાંથી રોકડ રૂ.૩૦ હજારની ચોરી કર્યાની કબુલાત આપી હતી.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આ ટોળકી મોડીરાત્રિના તારાપુર ચોકડી પાસેથી સુરતથી જામકંડોરણા જતી રૂટની બસમાં બેસતા જે બસ વહેલી સવારના ચોટીલા પાસે પહોંચતી હોય આ સમય દરમિયાન મોટાભાગે મુસાફરો ગાઢ નિંદ્રામાં હોય ત્યારે તેમનો કિંમતી સામાન ચોરી ચોટીલા પાસે આ ટોળકી ઉતરી જતી હતી.

# ચંપકનગરમાં દોઢ કરોડની ચાંદીની ચોરી પ્રકરણમાં મુખ્ય સુત્રધાર એમપીથી ઝડપાયો

## અમદાવાદ પોલીસે વધુ ૪૦ કિલો ચાંદી સાથે નોઈડાના શખસને પકડી લીધો ૭૧ કિલો ચાંદી કબજે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટના સામાકાઠા વિસ્તારના પેડક પાસેના ચંપકનગરમાંથી રૂ.૧.૬૨ કરોડની કિંમતની ૧૪૦ કિલો ચાંદીના દાગીનાની ચોરીના મામલે ક્રાઈમ બ્રાંચે બોટાદના શખસને ૩૧ કિલો ચાંદી સાથે પકડી લીધા બાદ તેની પુછ્તાછ્માં એમપીથી ચોરીમાં વધુ એક સુત્રધારને ઉઠાવી લીધો હતો જેની પુછ્તાછ કરી ચોરીમાં વધુ ટીપ આપનાર સહીતના આરોપીઓને પકડી લેવા તેમજ ચોરાઉ ચાંદી કબજે કરવાની કાર્યવાહી કરી છે.તેમજ અમદાવાદ પોલીસે મહેસાણા પાસેથી ૪૦ કિલો ચાંદી સાથે એક શખસને પડયા બાદ વધુ એક નોરડામાંથી ૪૦ કિલો ચાંદી સાથે પકડી લીધો હતો જેમા તેને ચાંદીના વેચાણમાં ૧૦ ટકા કમીશન આપવાનુ નકકી થયુ હતુ. પોલીસે હાલમાં કુલ ચાર આરોપીઓને પકડી લઈ ૭૧ કિલો ચાંદી કબજે કરી વધુ એક ટીપ આપનાર શખસને પકડી લેવા દોડધામ કરી છે.

રૈયા સર્કલ પાસે રામેશ્વર પાર્ક-૦૧ શેરી નં.૧ માં રહેતા મૂળ પડધરીના વિમાસણ ગામના વતની અતુલભાઈ લિંબાભાઈ બુસા (ઉ.વ.૩૯) એ નોંધાવેલ જેમા તેને જણાવ્યુ હતુ કે તેઓને પેડક રોડ ચંપકનગર-૦૧ ખત્રીની વાડીની પાસે બીપીનભાઈના મકાનમાં શક્તિ સિલ્વર નામની પેઢી આવેલ છે. ગઈ તા. ૦૩ ના સાંજે ચારેક વાગ્યે પેઢીને તાળુ મારી ચાવી સાથે લઈ લગ્ન પ્રસંગમાં જતો રહેલ હતો. બાદ તેઓ ઘરે આવતા ચોરી થયાની જાણ થઈ હતી જેથી તે તુરંત પેઢીએ ગયા હતા અને તપાસ કરતા ચાંદીના વિંછીયા તેમજ સાંકળા સહીત આશરે ૫૦ ટચના તૈયાર કરેલ દાગીના પ્લાસ્ટીકના બોક્ષમાં ભરેલ હતા, તે બોક્ષની ૧૧ બોરીમાં રાખવામાં આવ્યા હોય જે જોવામાં આવેલ નહી જેની કિંમત આશરે રૂ. ૧,૬૨,૫૦,૦૦૦ ગણાય. જેનો ચોરી થયાની ફરીયાદ કરતા બીડીવીઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

દરમ્યાન અમદાવાદ ક્રાઈમ બાંચે મહેસાણા માંથી ૪૦ કિલો ચાંદી સાથે મુકેશ પ્રજાપતિને ઝડપી લઈ તેની પુછ્તાછ કરતા તે મોબાઈલનો ધંધાર્થી હોય અને તેને પીતરાઈ ભાઈ રાજસ્થાની પ્રદીપ પ્રજાપતિ આપી ગયાનુ રટણ કરતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે. તેમજ ક્રાઈમ બ્રાન્ચની ટીમને કેટલાક શંકાસ્પદોના નામ પણ મળી આવ્યા હોય પોલીસે બોટાદમાંથી નામચીન રાજુ ભોજકને ઉઠાવી લીધો હતો તેની પુછ્તાછ કરતા તેને રાજસ્થાનના બુટલેગર રતનસિંગ રાઠોડ સહીતના સાથે મળી ચોરીનો પ્લાન બનાવ્યો હતો બાદમાં રેકી કરી ચોરીને અંજામ આપ્યો હોવાનુ બહાર આવતા ક્રાઈમ બ્રાંચે ટીપ આપનાર સહીતના આરોપીઓને પકડી લેવા દોડધામ કરી છે. તેમજ આ ચોરીમાં રાજસ્થાનના પ્રદીપ પ્રજાપતિએ ટીપ આપી હતી જેમા તેને ભાગમાં ૮૦ કિલો ચાંદી ભાગમાં આવી હતી જે પ્રાથમીક તપાસમાં બહાર આવ્યુ છે. તેમજ અમદાવાદ ક્રાઈમ બ્રાંચે વધુ એક આરોપી મંગુસિંહ જબરસિંહ રાઠોડને તેના ઘરે નરોડામાંથી ઝડપી લીઈ તેની પુછ્તાછ કરી છે.

# હનુમાન મઢી પાસે મદ્રાસ કાફેમાં થયેલી મારામારીમાં કાફે સંચાલક સામે વળતી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રવિવારે રાત્રે હનીમાન મઢી પાસે ઢોસા કાફેમાં થયેલી માથાકૂટમાં કાફેના સંચાલક સાડા બનેવીએ ફરિયાદ નોંધાવ્યા બાદ આજે સામાપક્ષે વળતી ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઈ છે.જેમાં રૈયા રોડ પર નંદનવન પાર્કમાં રહેતા પિનાકભાઈ મહેશભાઈ ચૌહાણ(ઉ.વ.૩૩) એ પોતાની શુભલક્ષ્મી મદ્રાસ કાફેના સંચાલક અબુબકર અને તેની સાથેના ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

પીનાકે ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું રૈયા રોડ હનુમાન મઢી પાસે આવેલ મયંકભાઈ ખજુરીયા ના ઘમેન ટુસે એન્ડ ટ્રાવેલ્સમાં ડ્રાઈવિંગ નું કામ કરી મારુ ગુજરાન ચલાવું છું.ગઈ તા.૦૮/૦૨ ના રાત્રિના હું તથા



મારા શેઠ મયંકભાઈ ખજુરીયા તથા મારા મિત્ર સુરેશભાઈ અને ઋત્વિકભાઈ આમ અમે બધા હનુમાન મઢી ચોક પાસે આવેલ શુભ લક્ષ્મી મદ્રાસ કાફેમાં ઢોસા ખાવા માટે ગયેલા અને ત્યાં મારા શેઠ મયંકભાઈએ ઢોસા બનાવવાનો ઓર્ડર આપેલો તે સમયે મારા મોબાઈલમાં કોઈનો ફોન આવેલો જેથી હું ફોનમાં વાત કરવા માટે બહાર નીકળેલ અને ફોનમાં વાત કરતો હતો તે દરમ્યાન કાફેમાથી દેકારો થવા લાગ્યો હતો.જેથી હું તુરત જ કાફેમાં અંદર ગયેલો તો ત્યાં મારા શેઠ સાથે આશરે ચાર વ્યક્તિ ઓ ઝઘડો કરતા હતા જેથી હું આ ઝઘડામાં વચ્ચે પડતા આ ચાર વ્યક્તિઓ મારી સાથે ગાળી ઝપાઝપી કરવા લાગેલ જેમાંથી એક મુસ્લિમ ભાઈ ત્યાં બાજુમાં પડેલ ઢોસા બનાવવા માટેનું લોખંડ નો તવીથો લઈ મને જમણા પગના ઘુંટણના નીચેના ભાગે બે વાર માર્યો હતો.

# જંગવડ નજીક બાઈક ચાલકે યુવાનને હડફેટે લીધોઃ ખાડામાં પડી જતા મોત

**મુખ્ય સમાચાર, આટકોટ**

આટકોટ પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો અનુસાર જંગવડ ગામના કરશનભાઈ જીવરાજભાઈ નારોલાએ ફરીયાદ નોંધાવી કે, રાત્રિના સમયે આટકોટ વાહન ન મળતાં હું ચાલી જંગવડ આવતો હોય ત્યારે શુભમ જીનીગ પાસે પાછળથી બાઈક ચાલક રાકેશ પ્રવીણભાઈ મેણીયા રહે.જંગવડ બાઈક પુર બેફિકરાઈથી માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી હડફેટે લેતા ઈજા પહોંચી હતી તાત્કાલિક ધોરણે ૧૦૮ મારફતે તાત્કાલિક ધોરણે તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યારે બાઈક ચાલકનનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. મોટરસાયકલ રોડના સાઈડના ખાડામાં પડી જતા મોટરસાયકલમાં પાછળ બેઠેલ વ્યક્તિ નીતિન સંજય



ધોડકીયા શરીરે ગંભીર ઈજા પહોંચતી હતી તેમજ મોટરસાયકલ ચાલક માથે ગંભીર ઈજા થતા મરણ ગયેલ છે મોટર સાયકલ ચાલક રાકેશ પ્રવીણ મેણીયા વિરુદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાઈ છે. મૃતક યુવાનને બે છોકરા એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે જેમાં મરણ જનાર રાકેશ મેણીયા મોટો પુત્ર છે પરીવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

# તિથવા ગામે મામાના ઘરેથી નાસી ગયેલી જંગલેશ્વરની યુવતીનો મંગેતર સાથે આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રાધાકૃષ્ણ શેરી નં.૪માં રહેતી કાજલ પ્રકાશભાઈ સરવૈયાએ ચુનારાવાડમાં રહેતા તેના મંગેતર ચેતન રાજુભાઈ રાફુચા સાથે પોતાના ઘરે સજોડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાની ઘટના બની છે. બન્ને વચ્ચે પ્રેમ સંબંધ હતો અને પાંચ માસ પહેલા બંનેની સગાઈ નક્કી થઈ હતી. ગત રવિવારે કાજલ માતા સાથે વાંકાનેરના તિથવા ગામે મામાને ત્યાં ગઈ હતી ત્યાંથી કોઈને કહ્યા વગર રાત્રે નીકળી ગઈ હતી. અને ઘરે આવી પાડોશમાં રહેલી ચાવી લઈને બંધ ઘર ખોલી પોતાના ભવિ ભરથાર સાથે મળીને અંતિમ પગલું ભરી લીધું હતું. ભક્તિનગર પોલીસે બનાવ સૈદર્ભે તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યા મુજબ બન્ને વચ્ચે પ્રેમ સંબંધ હતો. કાજલના પિતા હયાત નથી.



બન્નેની સગાઈ માટેની મીઠી જીભ અપાઈ ગઈ હતી. કાજલ ચેતનના પરે પણ રહેવા માટે જતી હતી. બે દિવસ પૂર્વે મામાને ઘરેથી નીકળી ગયેલી કાજલે આજે ભાવિ ભરથાર સાથે મળીને ઘરે રૂમમાં છતનાં બે અલગ અલગ હુક પર કાજલ અને ચેતન બન્નેએ દોરી વડે લટકીને જીવ દઇ દીધો હતો. કાજલની માતા ઘરે આવતાં અંદરથી રૂમ બંધ હોવાથી પોલીસને જાણ કરી હતી અને દરવાજો તોડતાં બન્નેના મૃતદેહ લટકતાં હતાં.

જાણવા મળ્યા મુજબ કાજલે મોબાઈલ લેવાની જીદ કરતાં ચેતને માર માર્યો હતો. ચેતનના પરિવારજનો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભક્તિનગરના પી.એસ.આઈ. વી. એલ. રાઠોડ તથા સ્ટાફે તપાસ હાથ ધરી છે.

# જુના મિત્રએ જ દસ લાખની ખંડણી માટે કરાવ્યું હતું કણકોટના યુવાનનું અપહરણ : પોલીસે છોડાવી ત્રણને પકડ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ કણકોટ વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા મુકેશભાઈ ઉઘરેજા નામના ૨૬ વર્ષીય યુવકનું શનિવારે સાતમીએ સાંજે ખોખડદળ ગામ પાસેના મેલડી માતાના મંદિર નજીકથી ચાર અજાણ્યા શખ્સો છરી બતાવી અપહરણ કરી જતાં ચકચાર મચી ગઇ હતી. દરમિયાન ગત સાંજે આજીડેમ પોલીસે છટકુ ગોઠવી અપહતને કાલાવડ રોડના વાજડી પાસેથી મુક્ત કરાવી એક આરોપીને પકડી લીધો છે. જુના કેસના ખર્ચના પૈસા અને અગાઉ મિત્રએ કાર માંગી હોઇ તે આપી ન હોઇ જેથી મિત્રના મિત્રએ જ કાવત્રુ ઘડી હવાલો આપી અપહરણ કરાવ્યાની વિગતો સામે આવી છે. હાલ પોલીસે એક શખ્સને સકંજામાં લીધો છે. અપહતને મારકુટ થઇ હોઇ તેને સારવાર માટે દાખલ કરાયો છે. આ બનાવમાં પોલીસે

કણકોટ કોળીવાસ એન્જિનીયરીંગ કોલેજ પાસે



રહેતાં પૂજાબેન મુકેશભાઈ ઉધરેજા (ઉ.વ.૨૬)ની ફરિયાદ પરથી અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો. ફરિયાદી પૂજાબેન ઉઘરેજાએ જણાવ્યું હતું તા. ૦૭/૦૨/૨૦૨૬ના રોજ બપોરે તેમના પતિ મુકેશભાઈ અને તેમના મિત્રો અરૂણભાઈ રાઠોડ, વિજયભાઈ ઉકેળીયા તથા વિજય મહતો પોતાની સ્વિક?ટ કાર જીજે૩૬આર-૭૯૪૮ લઈને સાપર ગયા હતા. સાંજે ચાર વાગ્યે મુકેશભાઈએ પત્નિને ફોન કરીને કહ્યું હતું કે રસોઈ બનાવતી નહીં, આપણે બહાર જમવા જઈશું. જો કે સાડા સાત વાગ્યા બાદ મુકેશભાઈનો ફોન બંધ આવવા લાગતા પરિવાર ચિંતામાં મુકાયો હતો.

મુકેશભાઈના મિત્ર અરૂણ ઉર્ફે ગીડીએ પરિવારને આપેલી માહિતી મુજબ તેઓ શાપરથી પરત ફરતા હતા ત્યારે ખોખડદળ મેલડી માતાના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. આ સમયે સાંજના પોણા સાત વાગ્યાના અરસામાં એક સિલ્વર કલરની કારે તેમની ગાડી આંતરી હતી. કારમાંથી નીચે ઉતરેલા એક શખ્સે ઈશારાથી ગાડી ઉભી રખાવી હતી. ત્યારબાદ બીજી કારમાંથી અન્ય ત્રણ માણસો નીચે ઉતર્યા હતા. આરોપીઓએ ગાડીમાં સવાર મુકેશભાઈ અને તેના મિત્રોને નીચે ઉતારવા દબાણ કર્યું હતું. મુકેશભાઈ નીચે ન ઉતરતા એક શખ્સે છરી બતાવી ગાળો આપી તેમને ખેંચીને બહાર કાઢ્યા હતા અને ઢીકાપાટુનો માર માર્યો હતો.મુકેશભાઈના મિત્રો તેમને છોડાવવા વચ્ચે પડ્યા તો આરોપીઓએ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી પથ્થરમારો કર્યો હતો.જેના કારણે મિત્રો થોડે દૂર જતા રહ્યા હતા.

# મુંબઈથી લાવેલ વિદેશી દારૂના જથ્થા સાથે રાજકોટ રેલ્વે સ્ટેશન પરથી ગોંડલનો બુટલેગર ઝડપાયો

## રેલ્વે એલસીબીનો પ્લેટફોર્મ નં-૧ પર સફળ દરોડો, પોલીસે ગુનો નોંધી રૂ.૬૮,૩૦૦નો મુદામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલ્વે એલસીબી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં-૧ પરથી ગોંડલના બુટલેગરને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

રાજકોટ રેલ્વે સ્ટેશન પર આંતર રાજયમાંથી આવતી ટ્રેનોમાં વિદેશી



દારૂની હેરાફેરી કરતા ઈસમો પર વોચ રાખવાની સુચના અન્વયે રેલ્વે એલસીબી પીએસઆઈ જે.એમ.પરમારના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં ૧ પર શખસ વિદેશી દારૂના જથ્થા સાથે હોવાની બાતમી આધારે ટીમે દરોડો પાડી શંકાસ્પદ શખસને પોતાનું નામઠામ પૂછ્તા પોતે ગોંડલ જેલ ચોકમાં આવેલ બાપા સીતારામ મંદિર પાસે રહેતો મોસીન મહમદ સમા હોવાનું જણાવેલ જેથી પોલીસે તેની પાસે રહેલી બેગની ઝડતી લેતા તેમાંથી વિદેશી દારૂની વિવિધ કંપનીની ૩૪૬ બોટલો મળી આવતા પોલીસે રૂ.૬૮,૩૦૦ના મુદામાલ સાથે આરોપીની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં મુંબઈથી ગોંડલમાં વેચાણ કરવા લઈ જતો હોવાનું જાણવા મળ્યું છે.